આજનો સુવિચાર
હજારો ગુણ પ્રાપ્ત કરવા સહેલા છે, પરંતુ એક દોષને દૂર કરવો ખુબ મુશ્કેલ છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૭૫ જૂનાગઢ તા.૦૬-૧૧-૨૦૨૩ સોમવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 274, Junagadh : Date : 06 November, 2023, Monday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay




# દિલ્હી વિશ્વનું સૌથી પ્રદૂષિત શહેર સામાન્ય કરતા પાંચ ગણી વધુ ઝેરી હવા

## દિલ્હીનાં મુખ્યમંત્રી કેજરીવાલે તત્કાલ ઉચ્ચસ્તરીય બેઠક બોલાવી : દિલ્હી બહાર ૫૦ હજાર ટ્રકો રોકી દેવાઈ

નવી દિલ્હી,તા.૬

પાટનગર દિલ્હીમાં વધુને વધુ ખરાબ થતાં હવામાન-પ્રદુષણથી લોકોના આરોગ્યને વિપરીત અસર રોકવા 'ગ્રેપ'નો ચોથો તબકકો લાગુ કરી દેવામાં આવ્યો છે. જે અંતર્ગત ડિઝલ વાહનોનો પ્રવેશ અટકાવી દેવાતા પાટનગરની સીમાએ ૫૦,૦૦૦ ટ્રકનાં થપ્પા લાગી ગયા છે.

દિલ્હી પરિવહન વિભાગે ફળ-શાકભાજી-દુધ-દવા તથા આવશ્યક ચીજોની સપ્લાયમાં સામેલ હોય તે સિવાયનાં તમામ માલવાહક વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ ફરમાવી દીધો છે.જોકે સીએનજી-એલએનજી તથા ઈલેકટ્રીક વાહનોને મુકિત અપાઈ છે. ડિઝલથી દોડતા વાહનો પર પ્રતિબંધ મુકાયો હતો.દેશના કોઈપણ રાજયમાં રજીસ્ટર્ડ થયેલા આવા વાહનો પર પ્રવેશ પ્રતિબંધ રહેશે.આ આદેશને પગલે દિલ્હીની બહાર જ ૫૦,૦૦૦ વાહનોને રોકી દેવામાં આવ્યા છે.

ડિઝલથી દોડતા વાહનો દિલ્હીમાં પકડાય તો આકરો દંડ ફટકારવાનો આદેશ કરાયો છે. આ વાહનોને રોકવા સમગ્ર પાટનગરમાં ૧૧૪ ટીમો તૈનાત કરવામાં આવી છે. અત્યાર સુધી બીએસ-૩ પેટ્રોલ તથા બીએસ-૪ ડીઝલ વાહનો પર પ્રતિબંધ લાગુ હતો. છેલ્લા ત્રણ દિવસમાં આ નિયમ હેઠળ ત્રણ કરોડનો દંડ ફટકારાયો છે.

દિલ્હીની હવાની ગુણવત્તા ગંભીર એટલે કે સૌથી ખતરનાક બની ગઈ છે. આજે દિલ્હીમાં એકંદર હવા ગુણવત્તા સૂચકાંક ૪૭૦ નોંધાયો હતો. આ વિશ્વ આરોગ્ય સંસ્થાની પ્રદૂષણ મર્યાદા કરતાં ૨૦ ગણું વધુ છે.

ગ્રેડેડ રિસ્પોન્સ એકશન પ્લાનનો ચોથો તબક્કો દિલ્હીમાં લાગુ કરવામાં આવ્યો છે. આ અંતર્ગત કોમર્શિયલ વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. સીએનજી અને ઈલેકટ્રીક ટ્રક સિવાય શાકભાજી, ફળો, દવાઓ જેવી આવશ્યક ચીજવસ્તુઓ સપ્લાય કરતી અન્ય તમામ ટ્રક પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે.

આ દરમિયાન દિલ્હી સરકારે આજે હાઈ લેવલ મીટિંગ બોલાવી છે. દિલ્હીના પર્યાવરણ પ્રધાન ગોપાલ રાયે જણાવ્યું હતું કે મીટિંગમાં ખરાબ હવાની ગુણવત્તા અને GRAP-IVના કડક અમલીકરણ માટે એક યોજના તૈયાર કરવામાં આવશે.

# ...તો ભારત - પાક. વચ્ચે સેમીફાઈનલ રમાઈ શકે

નવી દિલ્હી, તા.૬: ભારત અને પાકિસ્તાન વચ્ચે જ્યારે પણ નિયમિત મેચ થાય છે ત્યારે આખી દુનિયા તેને જોવા માટે ઉત્સુક હોય છે. હવે જરા વિચારો કે જો વર્લ્ડ કપની સેમિફાઈનલ મેચ ભારત અને પાકિસ્તાન વચ્ચે થાય તો શું થાય હા, આ વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાન ફરી એકવાર ટકરાઈ શકે છે ! આ પહેલા જ્યારે ટીમ ઈન્ડીયા વર્લ્ડ કપ ૨૦૧૧ની ફાઈનલમાં પહોંચી હતી ત્યારે સેમીફાઈનલમાં ભારતે પાકિસ્તાનને હરાવ્યું હતું. ચાલો તમને જણાવીએ કે ભારત અને પાકિસ્તાન વચ્ચે વર્લ્ડ કપની સેમિફાઈનલ મેચ કેવી રીતે થઈ શકે છે. ભારતીય ટીમે હાલમાં ૮ માંથી તમામ ૮ મેચ જીતી છે, અને ૧૬ પોઈન્ટ સાથે પોઈન્ટ ટેબલમાં ટોચ પર બેઠી છે, જ્યાંથી હવે કોઈ અન્ય ટીમ તેને હટાવી શકશે નહીં, કારણ કે કોઈપણ ટીમ ૧૬ પોઈન્ટ મેળવી શકશે નહીં. આવી સ્થિતિમાં ટીમ ઈન્ડીયા પોઈન્ટ ટેબલમાં ટોપ પર એટલે કે નંબર-૧ પર રહેશે તે નિશ્ચિત છે. તે જ સમયે, સેમિફાઈનલમાં, નંબર-૧ ટીમનો મુકાબલો નંબર-૪ ટીમ સાથે થશે, જ્યારે નંબર-૨ ટીમની સેમિફાઈનલ મેચ નંબર-૩ ટીમ સાથે થશે. મતલબ કે એ નક્કી થઈ ગયું છે કે ભારતની સેમીફાઈનલ મેચ નંબર-૪ ટીમ સાથે થશે.

# તમાકુનું વ્યસન અને અસંતુલિત જીવન પધ્ધતિ હૃદયરોગ માટે જવાબદાર

અમદાવાદ તા. ૬

ગુજરાત અને દેશમાં કોરોના કાળ બાદ હૃદયરોગના હુમલા અથવા તો કહો કે કાર્ડીયાક એરેસ્ટથી ફકત થોડી સેકન્ડમાંજ જે રીતે મૃત્યુ થઈ રહ્યા છે તે ચોકકસપણે ચિંતા સર્જે છે અને હવે 'દિલ'ને કેમ સંભાળવું તે અંગે નિષ્ણાંતો પણ ચિંતા કરાવે છે તે વચ્ચે હવે જો હૃદયને સંભાળવું હોય તો ગુજજુ યુવાનોએ પાન-માવા-ફાકી-તંબાકુના દુષણને છોડીને અને શરીર પર જામતી ચરબીના થરને ઘટાડવા પડશે.

અગાઉ એક સમયે કહેવાતું કે, પ્રેમલગ્ન થનારનું દિલ તૂટી જાય છે પણ તેનો ઈલાજ થઈ શકે છે પરંતુ જો તમો તંબાકુના વ્યસનને જાળવી રાખો કે પછી શારીરિક શ્રમને ભુલી જશો તો દિલ કયારે દગો દેશે તે તમને પણ ખ્યાલ રહેશે નહી. અમદાવાદમાં યુ.એન.મહેતા ઈન્સ્ટીટયુટ ઓફ કાર્ડીયોલોજી એન્ડ રીસર્ચ સેન્ટર દ્વારા કરવામાં આવેલા એક અભ્યાસમાં આ પ્રકારે તારણો મળ્યા છે.




# વિશ્વમાં ૪૪ લાખ લોકો પાસે કોઈ દેશની નાગરીકતા નથી : નર્ક જેવું જીવન જીવી રહયા છે

જિનિવા,તા.૬ : સંયુકત રાષ્ટ્રનું કહેવું છે કે, દુનિયામાં ૪૪ લાખ એવા કમનસીબ લોકો છે. જેમની પાસે કોઈ દેશની નાગરિકતા નથી, એજન્સીએ એમ પણ જણાવ્યું હતું કે વાસ્તવિક આંકડો આથી પણ મોટો હોઈ શકે છે. રાષ્ટ્રીયતા વિના, કોઈ દેશની નાગરિકતા વિના રહેતા લોકો ગંભીર પરિણામોનો સામનો કરી રહ્યા છે. મોટેભાગે આવા લોકોને માનવ અધિકારોથી વંચીત રાખવામાં આવે છે.

### બાબા વેંગાની આગાહી સાચી પડશે ?

# ૨૦૨૪ આફતોનું વર્ષ બની રહેશે - પુતિનની હત્યા થશે - આતંકી હુમલા થશે - આર્થિક સંકટ આવશે

ન્યુયોર્ક, તા.૬:

યુક્રેન અને રશિયા તેમજ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે યુદ્ધ ચાલી રહ્યું છે તેવા સમયે બાબા વેંગાની વર્ષ ૨૦૨૪ની ભવિષ્યવાણીઓ હાલ ખૂબ જ ચર્ચામાં છે. બાબા વેંગાને નોસ્ત્રાદેમસે પણ કહેવામાં આવે છે, કારણ કે તેમની અનેક આગાહીઓ સાચી પડી છે. તેમનો દાવો છે કે વર્ષ ૨૦૨૪નું વર્ષ 'આફતોનું વર્ષ' રહેશે. તેમણે ૨૦૨૪ માટે કરેલી આગાહીમાં પ્રમુખ પુતિનના મોતનો પ્રયાસ, યુરોપમાં આતંકી હુમલા વધવાથી લઈને કેન્સર અને અલ્ઝાઈમરની સારવાર શોધવાનો સમાવેશ થાય છે.

બાબા વેંગાએ જ વર્ષ ૨૦૨૨માં યુક્રેન પર હુમલાની ભવિષ્યવાણી કરી હતી. તેમને બાલ્ગનના નોસ્ત્રાદેમસ કહેવાય છે. વર્ષ ૧૯૧૧માં જન્મેલા રહસ્યવાદી મહિલા બાબા વેંગાએ દાવો કર્યો છે કે વાવાઝોડામાં ફસાઈ ગયા પછી પોતે અંધ થઈ ગઈ હતી. માનવામાં આવે છે કે તેમનામાં ભવિષ્યવાણી કરવાની અસાધારણ ક્ષમતા હતી. બાબા વેંગાનું મૃત્યુ ૨૬ વર્ષ પહેલા ૮૪ વર્ષની વયે થઈ ગયું હતું પરંતુ તેમની ભવિષ્યવાણીઓ તેમના મોતના ઘણા સમય પછી પણ સાચી સાબિત થઈ રહી છે.

વર્ષ ૨૦૨૪ માટે પણ બાબા વેંગાએ કેટલીક ભવિષ્યવાણીઓ કરી હતી, તેમણે કહ્યું હતું કે ૨૦૨૪માં પૃથ્વીની કક્ષા બદલાશે, જેનો અર્થ એ છે કે આપણે પૂર અથવા આગામી હિમયુગનો સામનો કરવો પડી શકે છે. જોકે તે એ વાત પર નિર્ભર કરશે કે પૃથ્વી સૂર્યથી કેટલી દૂર હશે. બાબા વેંગાએ પુતિનની હત્યાથી લઈને મેડિકલની સફળતાઓ અંગે પણ અનેક મોટી ઘટનાઓનો ઉલ્લેખ કર્યો છે.

બાબા વેંગાએ કદાચ એવું અનુમાન કરી લીધું હશે કે રશિયાના પ્રમુખ વ્લાદિમિર પુતિનની આગામી વર્ષે તેમના દેશના જ કોઈ વ્યકતિ દ્વારા હત્યા કરાશે.


ખોડલધામ ટુર
તા. ૧૫-૦૩-૨૦૨૪ થી ટુર ઉપડશે
સ્લીપર બસ દ્વારા
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મથુરભાઈ વાગડીયા
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ


મહાયોગી
વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુ:ખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫

પવિત્ર અગીયારમી મહિના નિમિતે
નાન ખટાઈ/બિસ્કીટ વ્યાજબી ભાવે મળશે
નારાયણ બેકરી
સુખનાથ ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩

તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
શ્રીજી બેબીકેર
હવે, નવી જગ્યાએ
બાળકોની હોસ્પિટલ
ડો. વિપુલ બી. ઉસદડીયા
M.B. D.C.H. (Ped)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
ડો. જયચંદ્ર એન. રતનપરા
M. D. (Ped) Goldmedilist
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
૦ થી ૧૮ વર્ષનાં બાળકોની સંપૂર્ણ સારવાર (૨૪ કલાક ઈમરજન્સી) તથા રસીકરણ કેન્દ્ર ● વિશાળ વેઈટીંગ ઓપીડી વિભાગ A.C. ● જનરલ, સેમી સ્પેશીયલ અને સ્પેશીયલ A.C. રૂમની સુવિધા સાથેનો દાખલ વિભાગ
આયુષ્માન ભારત PMJAY યોજના હેઠળ અધુરા મહિને જન્મેલ ૧.૫ કિલોથી ઓછા વજનનાં તેમજ જન્મ સમયે મળ પી ગયેલ, જન્મ સમયે બાળ સાદ ન આપેલ, લોહીમાં ચેપ, મગજમાં ચેપ, શ્વાસ લેવામાં તકલીફ અથવા સુગર ઘટી ગયેલ બાળકની સંપૂર્ણ મફત સારવાર (દવા અને લોહીના રીપોર્ટ સાથે)
નવું સરનામું
પ્રિઝમ કોમ્પ્લેક્ષ, બીજો માળ, હોટેલ હાર્મોનીની બાજુમાં, બસસ્ટેશન સામે, જૂનાગઢ
એપોઈન્ટમેન્ટ માટે : ૯૦૩૩૫ ૩૬૧૦૮, ૯૪૨૭૯ ૩૯૭૧૧

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલ પ્રવેશ નિમિતે હાર્દિક શુભેચ્છા...
અત્યાધુનિક સુવિધાઓથી સજજ એવું આધુનિક ક્રિટીકલ કેર યુનિટ
હવે, જૂનાગઢનાં આંગણે
હોપ હોસ્પિટલ & ક્રિટીકલ કેર યુનિટ
સચોટ નિદાન, યોગ્ય માર્ગદર્શન અને શ્રેષ્ઠ સારવાર હવે એક જ જગ્યાએ
કોઈપણ પ્રકારની ગંભીર બીમારીઓની સચોટ અને અદ્યતન Level-III ICU સારવાર
24/7 EMERGENCY SERVICE
વેન્ટીલેટર
● નિષ્ણાંત અને અનુભવી ડોકટરની ટીમ
● ગંભીર ઓપરેશનો પછીની આઈ.સી.યુ. સારવાર
● વેન્ટીલેટર, ECMO, ડાયાલીસીસ, સોનોગ્રાફી, ઓપરેશન થીયેટર જેવી સુવિધા
● સંપૂર્ણ ટ્રોમા અને અકસ્માતમાં થતી ઈજાની સારવાર
● સર્પદંશ અને ઝેરી દવાની સારવાર
ડો. ભાર્ગવ ફડદુ (M.D. IDCCM)
ડો. રમેશ માલમ (DNB, IDCCM, FCCS)
9537372060
ગોલ્ડન ટ્રેડ સેન્ટર, ચોથો માળ, મહાપુજા ઓફીસ સામે, ઝાંઝરડા ચોકડી પાસે, જૂનાગઢ

## ગીર આવતા પ્રવાસીઓ માટે વધુ એક નજરાણું

# સાસણ નજીક ભાલછેલ હિલ ખાતે રૂા.૮.૫ કરોડના ખર્ચે વિકસિત કરાયેલ સનસેટ પોઈન્ટ ખુલ્લો મુકાયો







## રાજ્યના પ્રવાસન કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ પ્રવાસનને વેગ આપતા અંદાજે રૂા. ૨૨ કરોડના કામો લોકાર્પિત કર્યા : દેવળીયા સફારી પાર્કમાં પ્રવાસીઓ માટે વધુ રૂ.૬.૫ કરોડના ખર્ચે વિકસિત કરવામાં આવેલ સુવિધાઓનું લોકાર્પણ




જૂનાગઢ, તા.૬

એશિયાટિક લાયન અને ગીરનું પ્રાકૃતિક સૌંદર્ય નિહાળવા આવતા પ્રવાસીઓને ગુજરાત સરકારે વધુ એક નવું નજરાણું આપ્યું છે. સાસણ નજીક ભાલછેલ હિલ ખાતે ૮.૫ કરોડના ખર્ચે વિકસિત કરવામાં આવેલ સનસેટ પોઈન્ટ ઉપરાંત દેવળીયા સફારી પાર્કમાં પ્રવાસીઓ માટે વધુ રૂા.૬.૫ કરોડના વિકસિત કરવામાં આવેલ સુવિધા તથા સાસણ સિંહ સદન સહિતની જગ્યાએ અંદાજે રૂા.૭ કરોડના ખર્ચે આકર્ષક સ્કલપ્ચરને રાજ્યના પ્રવાસન કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરાએ લોકાર્પિત કરી હતી. પ્રવાસન મંત્રી મુળુભાઈ બેરાએ લોકાર્પિત કાર્યોનો ઉલ્લેખ કરતા જણાવ્યું કે, સિંહના ઘર એવા ગીરમાં લાખો પ્રવાસીઓ આવે છે, રાજ્ય સરકાર અને પ્રવાસન વિભાગ ગીરમાં વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા માટે કટિબદ્ધ છે. ભવિષ્યમાં ટેન્ટ સીટી વિકસાવવા સહિતની યોજનાઓ આયોજન હેઠળ છે. ઉપરાંત પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદીના દ્રષ્ટિવંત નેતૃત્વમાં ગીરના સિંહોનો વસવાટ છે તેવા સ્થળો માટે પ્રોજેક્ટ લાયન હેઠળ જુદા જુદા પ્રવાસનલક્ષી અને સિંહોના સંરક્ષણ- સંવર્ધન માટેનો રોડ મેપ તૈયાર કરવામાં આવ્યો છે. ગીરનું જંગલ તેના વૈવિધ્યસભર પ્રાકૃતિક સૌંદર્ય, પશુ પક્ષીઓ નદી નાળા અને મંદિરોથી જાણીતું છે. આ સાથે પ્રકૃતિના ખોળે નિર્ભિક રીતે વિહરતા સિંહોને જોવા તે પણ એક સાહસિક આનંદ છે. આમ, સ્થાનિકોને રોજગારી મળી રહેશે. તેમણે જણાવ્યું કે, ભારતમાં વિદેશથી આવતા પ્રવાસીઓમાં ગુજરાત પ્રથમ નંબરે છે, અને દેશમાંથી ગુજરાતમાં પ્રવાસીઓ ની સંખ્યામાં ૧૪માંથી ૫ ક્રમે પહોંચ્યું છે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર પણ પ્રવાસન ક્ષેત્રના વિકાસ માટે ખૂબ ભાર આપી રહી છે. પ્રવાસન વિભાગનું એક સમયે ૧૨ કરોડનું બજેટ હતું જે આજે વધીને ૨૨૦૦ કરોડનું થયું છે.

રાજ્ય સરકાર પ્રાકૃતિક, ધાર્મિક વિકાસની સાથે કલા સંસ્કૃતિને સાંકળીને પર્યટન ને વેગ આપી રહી છે. ઉપરાંત ગુજરાતના વિશાળ દરિયા કિનારાને ધ્યાને રાખી પ્રવાસનના વિકાસ માટે આયોજનો હાથ ઉપર લીધા છે. રાજ્ય સરકારના પ્રયાસોથી કચ્છનું નાનું એવું ગામ ધોરડો વિશ્વના નકશામાં ઉચેરૂ સ્થાન પામ્યું છે.

પ્રવાસન મંત્રીએ મુંબઈ, ગોવા જેવા શહેરોમાં યોજાતો ફિલ્મફેર ગુજરાતમાં યોજવા જઈ રહ્યો છે, ત્યારે બોલીવુડના નામાંકિત કલાકારો ગુજરાત આવશે અને પ્રવાસન સ્થળોની મુલાકાત સાથે શૂટિંગ પણ કરશે. જેથી પ્રવાસનને નવો વેગ પડશે.

આ પ્રસંગે તાલાળા ધારાસભ્ય ભગવાનભાઈ બારડે જણાવ્યું હતું કે, સાસણમાં સિંહ દર્શન અને ગીરનુંસૌંદર્ય નિહાળવા દર વર્ષે મોટી સંખ્યામાં દેશ વિદેશ પ્રવાસીઓ આવતા હોય છે. ત્યારે પ્રવાસન વિભાગ દ્વારા આજે અંદાજે રૂા.૨૨ કરોડના વિકાસના કામો લોકાર્પણ થતા પ્રવાસીઓની સુવિધામાં વધારો થશે. તેમણે ઉમેર્યું હતું કે, રાજ્ય સરકાર દ્વારા પ્રવાસનના સ્થળોનો વિકાસ થાય એ માટે અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે. આ સાથે તેમણે સ્થાનિકોને 'સ્વચ્છતા જાળવવા અનુરોધ કર્યો હતો.

જિલ્લાના કલેકટર અનિલકુમાર રાણાવસીયાએ જણાવ્યું કે, સાસણ અને ગીરની નોંધ વિશ્વ ક્ષેત્રે લેવાઈ રહી છે. ગિરના લોકો સિંહ સાથે સદીઓથી સામંજસ્ય જાળવે છે, તેનો શ્રેય અહીંના સ્થાનિક લોકોને જાય છે.તેમણે વધુમાં જણાવ્યું હતું કે ,ભાલછેલ હિલ સનસેટ પોઈન્ટથી સાસણ આવતા પ્રવાસીઓને સનસેટ નિહાળવા માટે અને આનંદ માણવા માટે નવું નજરાણું મળશે.

ગુજરાત પ્રવાસન નિગમ લિમિટેડ દ્વારા ભાલછેલ હિલને સનસેટ પોઈન્ટ તરીકે વિકસાવવા માટે ખાતે અંદાજે રૂા.૮.૫ કરોડના ખર્ચે એમ્ફીથીએટર, ફૂડ કોર્ટ ,ટોયલેટ બ્લોક, હેંગ આઉટ એરીયા, ટિકિટ બિલ્ડીંગ, લાઈટિંગ વર્ક, પાર્કિંગ એરિયા સહિતની સુવિધાઓ ઉભી કરવામાં આવી છે. દેવડીયા સફારી પાર્ક ખાતે અંદાજે ૬.૫ કરોડના ખર્ચે બસ અને કાર માટેનું પાર્કિંગ, એન્ટ્રીગેટની રીડિઝાઈન, ઈન્ટરપ્રિટેશન સેન્ટર, ટીકીટ બુકિંગ ઓફિસ, કેન્ટીન ફૂડ કોર્ટ, સોવેનીયરશોપ,વોચ ટાવર, ટોયલેટ બ્લોક ,સીટીંગ એરેન્જમેન્ટ સહિત કામ આવરી લેવામાં આવ્યા છે.

ઉપરાંત અંદાજે રૂા.૭ કરોડના ખર્ચે આર્ટવર્ક તથા સ્કલ્પ્ચરની કામગીરી કરવામાં આવી છે. જેમાં ચેક પોસ્ટ ગેટ, ગેટ પર વિવિધ પ્રાણીઓના સ્કલ્પચર, ઈન્ટરપ્રિટેશન ઝોન, સિંહ સદન, નેચર પાર્ક, દેવળિયા, અર્બોરેટમ, સનસેટ પોઈન્ટ ખાતે વિવિધ સ્કલ્પચર તેમજ આર્ટ વર્ક, બેન્ચીસ, ડસ્ટબિન ઈન્ફોર્મેશન બોર્ડ, મુરલ આર્ટ વર્ક, સન થીમ એન્ટ્રી ગેટ, ફોગ પોલ ,ફૂટ પ્રિન્ટ બ્લોક , કેમ્પસ મેપ, સન ડાયલ ગેટ , ૧૨ ફૂટ સાઈઝના બ્રાસના વિશાળ સિંહનુ સ્કલપચર સહિતના કામ કરવામાં આવ્યા છે.

આ પ્રસંગે ગીર સોમનાથ જિલ્લાના ભાજપ પ્રમુખ મહેન્દ્ર પિઠીયા, મેંદરડા તાલુકા પંચાયતના પ્રમુખ દીપકભાઈ મકવાણા, પ્રવાસન નિગમના જનરલ મેનેજર હિરેન પંડિત, જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખ, નાયબ વન સરક્ષક પ્રશાંત તોમર,મેંદરડા પ્રાંત અધિકારી નિશાબા ચુડાસમા, નાયબ જિલ્લા વિકાસ અધિકારી પંચાયત મીરા સોમપુરા, અગ્રણી ચિરાગભાઈ રાજાણી, હિરેનભાઈ સોલંકી ઉપરાંત હોટલ એસોસિએશનના હોદેદારો અને સ્થાનિક ગ્રામજનો લોકો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન જિલ્લા પ્રવાસન અને જન સેવા અધિકારી આઈ.જી.ઝાલાએ અને આભાર વિધિ પ્રવાસન નિગમના ડેપ્યુટી એન્જિનિયર કુલદીપ પાઘડારે કરી હતી.

# વેરાવળથી સુરત માટે સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન દોડશે : ટિકિટ બુકિંગ શરૂ

(પ્રતિનિધિ દ્વારા)

સોમનાથ, તા.૬

મુસાફરોની સુવિધા માટે પશ્ચિમ રેલવેએ વેરાવળ અને સુરત વચ્ચે વિશેષ કિરાયે ઉપર સાપ્તાહિક સ્પેશિયલ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. ભાવનગર ડિવિઝનના સીનિયર ડીસીએમ માશૂક અહમદના જણાવ્યા મુજબ આ ટ્રેન વેરાવળથી દર મંગળવારે ૧૧.૦૫ કલાકે દોડશે. આ ટ્રેનને ૦૭ નવેમ્બર, ૨૦૨૩થી ૨૮ નવેમ્બર, ૨૦૨૩ સુધી ચલાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. ટ્રેન નંબર ૦૯૦૧૮/૦૯૦૧૭ વેરાવળ-સુરત-વેરાવળ સાપ્તાહિક એક્સપ્રેસ ટ્રેન, ટ્રેન નંબર ૦૯૦૧૮ વેરાવળ-સુરત સાપ્તાહિક વિશેષ ટ્રેન વેરાવળથી દર મંગળવારે ૧૧.૦૫ કલાકે ઉપડશે અને તે જ દિવસે ૨૩.૪૫ કલાકે સુરત પહોંચશે. આ ટ્રેન વેરાવળથી ૦૭, ૧૪, ૨૧ અને ૨૮ નવેમ્બર, ૨૦૨૩ના રોજ દોડશે. એ જ રીતે ટ્રેન નંબર ૦૯૦૧૭ સુરત-વેરાવળ સાપ્તાહિક વિશેષ ટ્રેન દર સોમવારે સુરતથી ૧૯.૩૦ કલાકે ઉપડશે અને બીજા દિવસે ૦૮.૦૫ કલાકે વેરાવળ પહોંચશે. આ ટ્રેન ૦૬, ૧૩, ૨૦ અને ૨૭ નવેમ્બર, ૨૦૨૩ના રોજ દોડશે. આ ટ્રેન માળીયા હાટીના, કેશોદ, જૂનાગઢ, જેતલસર, ગોંડલ, રાજકોટ, અમદાવાદ અને વડોદરા સ્ટેશન ઉપર બંને દિશામાં ઉભી રહેશે. ટ્રેન નંબર ૦૯૦૧૮ અને ૦૯૦૧૭ માટે બુકિંગ ગઈકાલ તા.૫/૧૧/૨૦૨૩થી પેસેન્જર રિઝર્વેશન કેન્દ્રો અને IRCTC વેબસાઈટ ઉપર ખુલશે. આ ટ્રેનના ઓપરેટિંગ સમય, સ્ટોપ અને સ્ટ્રક્ચર અંગેની વિગતવાર માહિતી માટે મુસાફરો www. enquiry. indianrail. gov.in વેબસાઈટની મુલાકાત લઈ શકે છે.

# દ્વારકાધીશ મંદિરમાં દિપાવલી ઉત્સવ નિમિત્તે દર્શનક્રમમાં ફેરફાર

(રાકેશ સામાણી દ્વારા)


દ્વારકા, તા.૬

યાત્રાધામ દ્વારકાના દ્વારકાધીશ મંદિરમાં દિપાવલી ઉત્સવ નિમિત્તે થતા દર્શનક્રમમાં ફેરફાર કરવામાં આવ્યો છે જેમાં તા.૧૧-૧૧-૨૦૨૩ ના ધનતેરસના દિવસે નિત્યક્રમ મુજબ દર્શન થશે. તા.૧૨-૧૧-૨૦૨૩ના રૂપચતુર્દશી અને દિપાવલીના મંગળા આરતી સવારે ૫-૩૦ વાગ્યે તથા હાટડી દર્શન રાત્રે ૮ વાગ્યે થશે. તા. ૧૩-૧૧-૨૦૨૩૨ના નવા વર્ષે મંગળા આરતી સવારે ૬ વાગ્યે અને સાંજે ૫ થી ૭ સુધી અન્નકૂટ દર્શન થશે. તા.૧૪-૧૧-૨૦૨૩ના નિત્યક્રમ પ્રમાણે દર્શન થશે. તા.૧૫-૧૧-૨૦૨૩ ના ભાઈબીજના દિવસે મંગળા આરતી, દર્શન સવારે ૬-૩૦ વાગ્યે તથા ત્યારપછી નિત્યક્રમ મુજબ દર્શન થશે તેમ મંદિરના વારાદાર પૂજારી દિપકભાઈ ઠાકરે જણાવ્યું છે.



# ડો.સુભાષ યુનિવર્સીટી ખાતે ન્યુ ઇન્ડિયા વાઇબ્રન્ટ હેકાથોનના રિજિયોનલ રાઉન્ડનું ભવ્ય આયોજન કરાયું

## અતિથિ વિશેષ તરીકે જૂનાગઢ એગ્રીકલચર યુનિવર્સીટીના વાઇસ ચાન્સેલર ડો.વી. પી. ચોવટીયા ખાસ ઉપસ્થિત રહી વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા

જૂનાગઢ, તા.૬

શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારના Student Start-up and Innovation Policy (SSIP) અંતર્ગત આયોજીત "ન્યું. વાઈબ્રન્ટ હેકાથોન ૨૦૨૩" ના રિજિયોનલ રાઉન્ડની યજમાની સરકારશ્રી દ્વારા ડો.સુભાષ યુનિવર્સીટીને સોંપવામાં આવેલ હતી. આ હેકાથોનમાં વિવિધ શૈક્ષણિક સંસ્થાના ૪૧ જેટલી ટીમ ૨૬૧ જેટલા વિધાર્થીઓએ ભાગ લીધો હતો..

વિદ્યાર્થીઓના આઈડિયા ને સ્ટાર્ટઅપમાં રૂપાંતરિત કરવાના અને વિદ્યાર્થીઓની પ્રોબ્લેમ સોલ્વિંગ સ્કીલને ઉજાગર કરવા માટે સરકાર દ્વારા આયોજન કરવામાં આવે છે. આ હેકાથોનમાં સરકારના વિવિધ વિભાગો, મહાનગરપાલિકાઓ, તેમજ ઔધોગિક એકમો દ્વારા રજૂ કરાયેલા વિવિધ પ્રોબ્લેમ સ્ટેટમેન્ટ ઉપર આ વિદ્યાર્થીઓએ કામ કરીએ તેમનો ઉકેલ મેળવવા પ્રયત્ન કર્યો હતો. વિદ્યાર્થીઓના પ્રોબ્લેમ સોલ્યુસનની ખરાઈ કરવા અને તેઓનું પરિણામ તૈયાર કરવા માટે સરકારશ્રી દ્વારા વિવિધ સંસ્થાઓમાંથી ૧૨ જયુરી મેમ્બર્સ તેમજ નોડા ઓફિસર અને વેન્યુઈન્ચાર્જની નિમણૂક કરવામાં આવી હતી. આ રિજિયોનલ રાઉન્ડમાં સિલેક્ટ થયેલા વિદ્યાર્થીઓને રાજયકક્ષાના રાઉન્ડ માટે આગળ મોકલવામાં આવશે.

વિદ્યાર્થીઓના ઉત્સાહમાં વધારો કરવા અને તેઓને શુભેચ્છાઓ પાઠવવા માટે મુખ્ય અતિથિ વિશેષ તરીકે જૂનાગઢ કૃષિ વિશ્વવિદ્યાલયના વાઈસ ચાન્સેલર ડો.વી પી ચોવટીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા અને વિદ્યાર્થીઓને માર્ગદર્શન પૂરું પાડ્યું હતું, આ હેકાયોન ને સફળ બનાવવા માટે કન્વીનર ડો.સંદીપ પંચાલ, નોકલ ઓફિસર ડો.અશોક હુંમર, સહિતની ટીમે જહેમત ઉઠાવી હતી. કાર્યક્રમની ઉત્કૃષ્ટ સફળતા બદલ સંસ્થાના ચેરમેન જવાહરભાઈ ચાવડા, યુનિવર્સિટીના પ્રમુખ રાજભાઈ ચાવડા તેમજ યુનિવર્સિટીના પ્રોવોસ્ટ ડો. દીપક પટેલે તમામ ટીમ મેમ્બર્સને શુભકામનાઓ પાઠવી હતી અને તમામ સ્ટુડન્ટ વોલેન્ટર્સને ઉત્તમ કામગીરી બદલ બિરદાવ્યા હતા.

# એચડીએફસી બેંકે મહા લોન ઉત્સવ અને દિવાળી ધમાકા ડિસ્પ્લે ૨૦૨૩ની જાહેરાત કરી

અમદાવાદ, તા.૬

ભારતની ખાનગી ક્ષેત્રની અગ્રણી બેંક એચડીએફસી બેંકએ મહા લોન ઉત્સવ અને દિવાળી ધમાકા ડિસ્પ્લે ૨૦૨૩ના લોન્ચની જાહેરાત કરી છે. આ પહેલનો ઉદ્દેશ્ય લોનની વિશેષ ડીલ્સ અને લાભ પૂરાં પાડી સંભવિત ગ્રાહકોને આકર્ષીને તહેવારોની સીઝન દરમ્યાન ઓટો લોનને પ્રોત્સાહન આપવાનો છે. આ પહેલને કારણે એચડીએફસી બેંકના વર્તમાન અને નવા એમ બંને ગ્રાહકોને ખૂબ લાભ થશે.

મહા લોન ઉત્સવ અને દિવાળી ધમાકા ડિસ્પ્લે ૨૦૨૩ની રચના ઓટો લોનના વેચાણને પ્રોત્સાહન આપવા, ગ્રાહકોને ધિરાણના કેટલાક શ્રેષ્ઠ વિકલ્પો પૂરાં પાડવા અને દિવાળીની ભાવનાની ઉજવણી કરવા માટે કરવામાં આવી છે. ઉત્સર્જનમાં ઘટાડો અને ઓછી કાર્બન ફૂટપ્રિન્ટ જેવા કેટલાક પર્યાવરણ સંબંધિત લાભને કારણે ઈલેક્ટ્રિક ફોર-વ્હિલર્સને પ્રોત્સાહન આપવા ઉપર સવિશેષ ધ્યાન આપવામાં આવશે. આ પહેલમાં બેંક જે અન્ય કેટલીક બાબતો પર ધ્યાન આપી રહી છે, તેમાં લોન અંગેની માહિતી પૂરી પાડવી, અરજી કરવામાં સહાયરૂપ થવું તથા ગ્રાહકોના બેઝને વિસ્તારવા અને બ્રાન્ડને આગળ લઈ જવા માટે નાણાકીય ઉત્પાદનોને પ્રોત્સાહન આપવું વગેરેનો સમાવેશ થાય છે. આ અભિયાન ગુજરાતમાં આવેલી બેંકની તમામ શાખાઓ સુધી પહોંચશે તેવી અપેક્ષા છે, જેમાં લગભગ ૩૦૦ જેટલી શાખાઓ ખાતે કારને ડિસ્પ્લે કરવામાં આવશે. આ અભિયાન ૨,૦૦,૦૦૦થી વધારે લોકો સુધી પહોંચે તેવી પણ અપેક્ષા છે.

# માતૃ શ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર જોષીપુરા જૂનાગઢની વિદ્યાર્થીનીઓએ ઇસરો આયોજિત પ્રદર્શનની મુલાકાત લીધી



જૂનાગઢ તાઃ૬

ભારતની અવકાશ સંશોધન સંસ્થા ઈસરોના અમદાવાદ ખાતે આવેલ સેન્ટર દ્વારા બહાઉદ્દીન કોલેજ-જૂનાગઢ ખાતે તા.૩-૧૧-૨૦૨૩ થી તા.૫-૧૧-૨૦૨૩ સુધી એક અદ્દભુત પ્રદર્શન યોજવામાં આવેલ છે. આ પ્રદર્શનમા ઈસરો દ્વારા નિર્મિત આર્યભટ્ટથી લઈને ચન્દ્રયાન સુધીના ઉપગ્રહો, સેટેલાઈટ સિસ્ટમ તેમજ એન્જીનને લગતા વિવિધ મોડેલ્સ સહિત અવકાશ સંશોધનક્ષેત્રે બેનુમ ન કામગીરી અને વૈશ્વિક લેવલ આપેલ સહયોગ આધારિત અનેક પ્રકારની નવીનતાઓ પ્રદર્શિત કરવામાં આવેલ છે. માતૃ શ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જુનાગઢમાં અભ્યાસ કરતી વિધાર્થિનીઓએ તા.૪-૧૧-૨૦૨૩ના રોજ ઉક્ત જ્ઞાનવર્ધક પ્રદર્શનની મુલાકાત લીધી હતી. શાળાના આચાર્ય સુ હેઠળ શાળાની વિધાર્થિનીઓએ પ્રદર્શનમાં ઉત્સાહપૂર્વક જોડાઈને ખગોળ વિજ્ઞાન, ડિફેન્સ, મેડિકલ ઉપરાંત અધતન ટેકનોલોજીને લગતું સવિશેષ જ્ઞાન પ્રાપ્ત કર્યુ હતું. ઉક્ત પ્રદર્શનમાં સામેલ થનાર વિદ્યાર્થીઓને સંસ્થાના ચેરમેન ટ્રસ્ટી જે.કે. ઠેસિયા જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી મૃણાલિનીબેન ગોધાણી સહિત સંસ્થાના ટ્રસ્ટી ઓ સંચાલક મંડળના સભ્યો તેમજ સમગ્ર શાળા પરિવાર દ્વારા બિરદાવવામાં આવી હતી.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક


## તંત્રી લેખ

# કેરળમાં અસહિષ્ણુતા : કેરળથી દિલ્હી સુધી આંતરિક સુરક્ષા વ્યવસ્થાને વધુ સતર્ક કરવાની જરૂર

ધ્કેરળના એર્નાકુલમ જિલ્લામાં ઈસાઈ ધર્મના યહોવા વિટનેસ સમુદાયની પ્રાર્થના સભામાં થયેલ તબક્કાવાર બોમ્બ વિસ્ફોટોને બેહદ ગંભીરતાથી લેવાની જરૂર છે, જેમાં બે મહિલાઓનાં મોત થઈ ગયાં અને કેટલાય શ્રધ્ધાળુઓની સ્થિતિ ચિંતાજનક બનેલી છે. વિસ્ફોટોને અંજામ આપનારાએ બેશક આત્મસમર્પણ કરી દીધું છે, પરંતુ વિસ્ફોટનાં જે કારણો તેણે દર્શાવ્યાં, તે બેહદ ખતરનાક છે. તેનું કહેવું હતું કે આ સમુદાય સાથે જોડાયેલા હોવા છતાં પાછલાં કેટલાંક વર્ષમાં તે એનાથી અસહજતા અનુભવતો હતો. તેનો આરોપ તો એ પણ છે કે આ સમુદાયની શિક્ષા દેશવિરોધી છે. અહીં ઉલ્લેખનીય છે કે કેટલાક દાયકા પહેલાં આ જ સમુદાયના ત્રણ બાળકોને કેરળની એક સ્કૂલો રાષ્ટ્રગાન નહિ ગાવાને કારણે સ્કૂલમાંથી કાઢી મૂક્યાં હતાં. ત્યારે સર્વોચ્ચ ન્યાયાલયના હસ્તક્ષેપ બાદ સ્કૂલે આ બાળકોને પાછાં લીધાં હતાં. પરંતુ કોઈ ધર્મ કે પંથ સાથે એવો પણ શો વિરોધ કે ધાર્મિક સભાને જ નિશાનો બનાવી દેવામાં આવે? આ ધાર્મિક અસહિષ્ણુતા નવી નથી. આ ખતરનાક પ્રવૃત્તિને આપણે પાકિસ્તાન, બાંગ્લાદેશ અને શ્રીલંકા ઉપરાંત બીજા દેશોમાં પણ બીજા ધર્મોના ધર્મસ્થળો પર બર્બર હુમલા રૂપે પહેલાં પણ જોઈ ચૂક્યા છીએ.

અલબત્ત એક બીજા કારણોસર આ બોમ્બ વિસ્ફોટને બેહદ ગંભીરતાથી લેવાની જરૂર છે. આ વિસ્ફોટ અસલમાં કેરળમાં પેલેસ્ટાઈનના પક્ષમાં સતત થઈ રહેલી રેલીઓ દરમ્યાન થયા છે. તેમાંથી એક રેલીમાં તો હમાસનો એક નેતા પણ વીડિયો કોન્ફરન્સથી હાજર રહીને સભાને સંબોધી હતી. જેમાં તેણે ઈઝરાયલ વિરૂધ્ધ જેહાદના આહ્વાનની સાથે સાથે હિંદુત્વ પર પણ વાંધાજનક ટિપ્પણીઓ કરી હતી. એ સમજવું મુશ્કેલ છે કે કેરળની સરકારે જમાત-એ-ઈસ્લામી હિંદની યુવા શાખાને એ આયોજનને અનુમતિ કેવી રીતે આપી, જેમાં હમાસનો નેતા પણ વર્ચ્યુઅલી સંબોધન કરવાનો હતો. એના પર પણ ધ્યાન આપવું જોઈએ કે અમેરિકામાં અસ્તિત્વમાં આવેલ યહોવા વિટનેસ સમુદાયની માન્યતાઓ કેટલાય મામલે ઈસાઈ સમુદાયથી એટલી અલગ છે કે ખુદ ઈસાઈ લોકો તેને યહૂદી માન્યતાઓથી પ્રભાવિત ગણાવે છે. સંપૂર્ણ સચ્ચાઈ તો તપાસ બાદ જ સામે આવશે, પરંતુ ધાર્મિક સભામાં થયેલ બોમ્બ વિસ્ફોટ કેરળમાં બની રહેલ અસહિષ્ણુ માહોલનું પરિણામ હોય, તો આશ્ચર્ય નહીં. કારણ કે પેલેસ્ટાઈનના નામ પર જે રીતે હમાસનું સમર્થન અને મહિમામંડન કરવામાં આવી રહ્યું છે, તે ખતરાની ઘંટડી સમાન છે. વળી જે શક્તિશાળી વિસ્ફોટોમાં આઈઈડીનો ઉપયોગ કરવામાં આવ્યો હોય, તેને માત્ર એક જ વ્યક્તિએ અંજામ આપ્યો હોય એ વાત પણ ગળે ઉતરે તેવી નથી. તહેવારોનો સમય હોવાને કારણે ન માત્ર દેશમાં ધાર્મિક અસહિષ્ણુતા વિરુદ્ધ ચોકસાઈ વધારવાની જરૂર છે, બલ્કે કેરળથી દિલ્હી સુધી આંતરિક સુરક્ષા વ્યવસ્થાને વધુ સતર્ક કરવાની જરૂર છે. એ પણ યોગ્ય નથી કે પેલેસ્ટાઈનના પક્ષમાં ઊભા થનારા રાજકીય પક્ષો અથવા બિનરાજકીય સંગઠનો હમાસની નિંદા કરવાથી ખચકાઈ રહ્યા છે. આ વોટબેંકની દેશઘાતી સસ્તી રાજનીતિ સિવાય બીજું કશું જ નથી.

# ઉના ખાતે દારૂલ ઉલુમ શમસ તબરેજનાં ૩૭ બાળકોને પદવી એનાયત કરીને સન્માનિત કરાયા



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૬

સૌરાષ્ટ્ર ગુજરાત અને દેશભર નાં નામાંકિત મુસ્લિમ ધર્મગુરુ અને કિડીયાળુ જેમ ઉમટેલી જનમેદની વચ્ચે ઉના ખાતે આવેલ ગુલિસતા માધ્યમિક શાળા નાં હાશમી પાર્ક નાં વિશાળ ગ્રાઉન્ડ માં યોજાયેલ દારૂલ ઉલુમ શમસ તબરેજ નાં હોનહાર તાલીમે ઈલ્મ હાસીલ કરી શિક્ષણ ક્ષેત્રે પદવી પ્રાપ્ત કરનાર ૩૭ વિદ્યાર્થી ને ડીગ્રી સર્ટિફિકેટ તેમજ ઈનામ આપી ભવ્ય રીતે સન્માનિત કરવામાં આવ્યા હતા

રોશની નાં જગમગાટ વિશાળ સ્ટેજ ઉપર નામાંકિત મુસ્લિમ ધર્મગુરૂ સરકાર પીરે તરીકત સૈયદ દાદાબાપુ ફાતમી (સાવરકુંડલા) પીરે તરીકત સૈયદ અમીરૂલ કાદરી સાહબ માલેગાંવ મહારાષ્ટ્ર આલીમે ફાજીલ હજરત મૌલાના શાકિર નુરી સાહેબ ની ખાસ ઉપસ્થિતિમાં પીર સૈયદ હાશ્મી મીયા ઉર્ફે પીરબાપુ રઝઝાકી સાહેબ એ પોતાના કર્તવ્યનું પાલન કરતાં વિશાળ સૈયદ સાદાત અને આમંત્રિત મહેમાનો આગેવાનો અને વાલીઓ ની હાજરી વચ્ચે ૩૭ વિદ્યાર્થી ને સર્ટીફીકેટ આપી તેમનાં માથા ઊપર સાફા બાંધી ને પદવી સમારોહ માં તેમને ભવ્યતા સાથે સન્માનિત કરવામાં આવ્યા હતા

આ તકે રહેમતે આલમ કોન્ફરન્સ ને મૌલાના હજરત સૈયદ અમીરૂલ કાદરી તેમજ દાવતે ઈસ્લામ નાં મૌલાના શાકિર નુરી સાહેબ સંબોધન કરતા જણાવ્યું હતું કે આજ નાં સમય માં વિશ્ર્વ આધુનિક ટેકનોલોજી સાથે પ્રગતિ તરફ વધી રહ્યું છે.અને ભારત દેશ વિશ્વ ના તમામ દેશ સાથે દરેક ક્ષેત્રે વિકાસ સાથે પ્રગતિ કરી રહ્યું છે ત્યારે મુસ્લિમ સમાજ એ પણ પોતાના વિકાસ અને આર્થિક રીતે સધ્ધર બનવા જીવનમાં દીની ઈલ્મ સાથે દુન્યવી તાલીમ એજ્યુકેશન પર ધ્યાન કેન્દ્રિત કરીને શ્રેષ્ઠ શિક્ષણ પ્રાપ્ત કરવા પેટે પાટા બાંધી અર્ધી રોટી ખાઈ પોતાનાં સંતાનોને કુરઆન અને હદીશ નાં દીની મજહબી તાલીમ સાથે ઉચ્ચ શિક્ષણ આપવા આગળ વધે જીયોગ્રાફી, સાયન્સ, મેન્થ, વિજ્ઞાન ટેકનોલોજી જેવા મહત્વ નાં વિષયો પર અભ્યાસ માટે આગળ વધે ખોટાં કુરીવાજો અને વ્યસન મુક્ત જીવન બનાવીને ગેર સમજો દુર કરીને સત્ય વાત પર પ્રકાશ પાડતાં જણાવેલ કે ઈસ્લામ ને માનવા વાળા મુસ્લિમો પણ ઘણે અંશે ઈસ્લામ ની મુળભૂત શિક્ષા થી દુર છે. ઈસ્લામ જે અલ્લાહ ની અનામત છે મુસલમાનો પાસે તેનાં બંદાઓને પહોંચાડવા ની અને અલ્લાહ નાં બંદાઓ એ મેળવવા નો જન્મ સિદ્ધ અધિકાર છે તે પોતાના ધાર્મિક કર્તવ્ય નાં સ્વરૂપે દારૂલ ઉલુમ શમસ તબરેજ જેવી વિશાળ સંસ્થા નાં સંચાલક પીર સૈયદ પીરબાપુ કાદરી એ પહોંચાડેલછે . વિશાળ જનમેદની ને મજહબી તાલીમ સાથે પ્રાથમિક થી ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક શાળા મહિલા ઓ ને શિક્ષણ સાથે રોજગાર લક્ષી હુન્નર કૌશલ્ય તાલીમ તરફ લોકો ને આકૃષટ કર્યા છે તે બદલ અભિનંદન પાઠવ્યા હતા

દરેક આલીમ અને સાયર દ્વારા આ રહેમતે આલમ કોન્ફરન્સ માં ખુબજ સરળ ભાષા શૈલી માં ઈસ્લામ અને મુસ્લિમ વિશે સાચી સમજૂતી બંદગી ઉપાસના ની રીતો સ્વરૂપો ની સમજણ આપી, તેનાં આચરણ અને નૈતિકતા સાથે નાં સંબંધને સ્પષ્ટ કરવાં માં આવ્યો હતો

માબાપ નાં હક અધિકાર એહસાસ દેશ પ્રત્યે ની કર્તવ્ય ફરજો સગાંસંબંધીઓ પાડોશી પ્રત્યે ની ફરજો વિષે પ્રકાશ પાડીને શિક્ષણ પર ભાર મૂક્યો હતો. લડાઈ જગડા બંધ કરો ખોટું નાં બોલો વ્યસન છોડી શાળા માં તમારાં દિકરા દિકરીઓ ને પેટે પાટા બાંધીને સમયસર ફી ભરીને શિક્ષણ આપી સારાં અને પ્રમાણિક નાગરીક બનાવો સારાં સમાજ નું નિર્માણ કરો પેગંબર નાં ફરમાન અને ઈસ્લામ નાં સાચા બતાવેલ માર્ગદર્શક હેઠળ યુવાનો. શ્રેષ્ઠ ઈમાનદારી સાથે જીંદગી જીવે દેશ નાં કાનુન નાં પાલન સાથે રાષ્ટ્ર નાં નિમાર્ણ નાં ભાગીદાર બનવા આહન કરેલ હતું

આ કાર્યક્રમ અંતર્ગત દારૂલ ઉલુમ શમસ તબરેજ નાં તમામ ટ્રસ્ટી મંડળ તેમજ તમામ સ્ટાફ અને હાશ્મી કમીટી ,વડાલા કમીટી નાંતમામ કાર્યકરો દ્વારા સુંદર આયોજન વ્યવસ્થા આકર્ષણ સાથે સફળતા પૂર્વક પૂર્ણ કરેલ હતો.

# કોડીનાર તાલુકા ખરીદ વેચાણ સંઘ દ્વારા ધારાસભ્ય ડો.પ્રદ્યુમન વાજાના હસ્તે યાર્ડ ખાતે સરકાર નું ટેકા ના ભાવે મગફળી ખરીદી કેંન્દ્ર શરૂ કરાયું

(અલ્તાફ મુગલ દ્વારા)

કોડીનાર તા.૬

ગીર સોમનાથ જિલ્લા માં વિપુલ પ્રમણમાં મગફળી નું ઉત્પાદન થયું છે ત્યારે કોડીનાર માર્કેટ યાર્ડ તો મગફળી થી ઉભરાઈ રહ્યું છે.ત્યારે યાર્ડ માં મગફળી ની ગુણવત્તા મુજબ રૂ.૧૧૫૦ થી લઈ રૂ.૧૩૫૦ સુધી ના ભાવો ખેડૂતો ને મળી રહ્યા છે.ત્યારે આજેહ્નકોડીનાર તાલુકા ખરીદ વેચાણ સંઘ દ્વારા ધારાસભ્ય ડો.પ્રદ્યુમન વાજા ના હસ્તે માર્કેટ યાર્ડ કોડીનાર ખાતે સરકાર નું ટેકા ના ભાવે મગફળી ખરીદી કેંન્દ્ર શરૂ કરતાં ખેડૂતો માં ખુશી પ્રસરી ગઈ છે.

ગીર સોમનાથ જિલ્લામાં આજે અનેક જગ્યા એ ટેકા ના ભાવે મગફળી ની હરાજી શરૂ કરાય છે જે પૈકી માત્ર કોડીનાર ખાતે ૧૦ જેટલા ખેડૂતો મગફળી લઈ વેચવા આવ્યા હતા જ્યારે સરકાર માં બજાર કરતા જી.૨૦ જેવી સારી મગફળી ના ભાવ ઓછા મળતા હોવાને લઈ જિલ્લાના અન્ય ટેકા ના ભાવે મગફળી ના ખરીદી કેન્દ્ર ખાલી રહ્યા હતાં.

છેલ્લા કેટલાક વર્ષથી સરકાર ના ટેકા ના ભાવે મગફળી આપવામાં ખેડૂતોને રસ હોય તેવું લાગી રહ્યું છે કારણ કે સરકારે જાહેર કરેલા ટેકા ના ભાવે મગફળી ની આજે હરાજી શરૂ કરવામાં આવી છે, જેના ભાગ રૂપે ગીર સોમનાથ જિલ્લામાં પણ ૫ કેન્દ્રો પર ટેકાના ભાવે મગફળી ની ખરીદી શરૂ કરવા ને લઈ ખેડૂતો ને મેસેજ કરાયા હતા, પરંતુ જિલ્લાના પાંચ કેન્દ્રો પૈકી માત્ર કોડીનાર કેન્દ્ર પર જ ૧૦ જેટલા ખેડૂતો મગફળી લઈ ને આવ્યા હતા. જેનું કોડીનાર ના ધારાસભ્ય પ્રદ્યુમન વાજા ના હસ્તે શરૂ કરાય હતી.

રજિસ્ટ્રેશન ની વાત કરીએ તો સમગ્ર ગીર સોમનાથ જિલ્લાના વેરાવળ, તાલાળા, કોડીનાર, સૂત્રાપાડા અને ઉના - ગીર ગઢડા આમ પાંચ કેન્દ્રો માં ૭૩૩૭ જેટલા ખેડૂતો એ ટેકાના ભાવે રજીટ્રેશન કરાવ્યું છે, જે પણ પાછલા કેટલાક વર્ષોની સરખામણી માં બહુ જ ઓછું કહેવાય કારણ કે જિલ્લામાં ૮૦૭૦૦ હેકટર જમીન માં મગફળી નું વાવેતર થયું છે અને રજીટ્રેશન માત્ર ૭ હજાર ખેડૂતો એ કરાવ્યું છે, જોકે કોડીનાર ખાતે પણ ટેકા ના ભાવે મગફળી લઈ આવનાર ખેડૂતો માં કહી ખુશી



કહી ગમ જેવો માહોલ જોવા મળ્યો હતો. કારણ કે સરકારે જાહેર કરેલા ૧૨૭૫ રૂપિયા ટેકા ના ભાવ ની સામે ખુલ્લી બજાર માં ૧૩૫૦ રૂપિયા સુધી ભાવ મળતા હોવાનો ખેડૂતો દાવો કરી રહ્યા છે પરંતુ ટેકા ના ભાવમાં એક ફાયદો ચોક્કસ થતો હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે અને જે છે ખુલ્લી માર્કેટ માં મગફળી ની વધારા ની લેવાતી ૫૦૦ ગ્રામ કટ. જે ખેડૂતો ની વધુ મગફળી જતી હોવાથી ટેકાના ભાવ માં ફાયદો થાય છે.તેવું ખેડૂતો એ જણાવ્યું હતું.

# દિપાવલીનું મહાપર્વ ઉત્તમ યોગ લઈને આવશે

આ વર્ષ નુ દીપાવલી નુ મહાપર્વ ઉત્તમ યોગ લઈ ને આવેલ છે ધનતેરસના દિવસે હસ્ત નક્ષત્ર કાળી ચૌદસ ના દિવસે ચિત્રા નક્ષત્ર અને દિવાળીના દિવસે સ્વાતિ નક્ષત્ર નો ઉત્તમ સંયોગ તથા વર્ષનો અંતિમ દિવસ સોમવતી અમાસ પણ ઉત્તમ ફળ આપનાર.

આ વર્ષે ધન તેરસ ના દિવસે હસ્ત નક્ષત્ર છે અને સાથે શુક્રવાર છે આ ઉત્તમ ગણાય છે હસ્ત નક્ષત્ર મા ધન પૂજા કરવી ઉત્તમ ગણાય છે કાળી ચૌદસના દિવસે ચિત્રા નક્ષત્ર અને શનિવાર છે આથી કાળી ચૌદશ પણ શુભ અને ઉત્તમ રહેશે તે ઉપરાંત શનિવારે હનુમાનજી ની પૂજા કાલભૈરવ દાદા ની પૂજા પણ શનિવારે ઉત્તમ ગણવામાં આવે છે દિવાળીના દિવસે સ્વાતિ નક્ષત્ર છે આમ સ્વાતિ નક્ષત્રમાં પણ ચોપડા પૂજન ઉત્તમ ગણવામાં આવે છે દિવાળી ઉત્તમ ગણવામાં આવે છે

તે ઉપરાંત જોઈએ તો વર્ષનો અંતિમ દિવસ સોમવારે સોમવતી અમાસ છે અને સોમવતી અમાસ ને પણ ઉત્તમ ગણવામાં આવે છે આ દિવસે શિવજીની પૂજા કરવી અભિષેક કરવો પીપળા ની પૂજા કરવી ઉત્તમ ફળદાય ગણવામાં આવે છે આમ વર્ષના અંતિમ દિવસ ને ધોકો ન કહેતા સોમવતી અમાસ કહેવી ઉચિત ગણાશે અને આ દિવસે પણ શિવ પૂજાનો લાભ જરૂર લેવો જોઈએ જેથી આવતું વર્ષ આખું સારું જશે

**શાસ્ત્રી રાજદીપ જોશી**
**(વેદાંત રત્ન)**

# વિજિલન્સ અવેરનેસ સપ્તાહ અંતર્ગત દેવભૂમિ દ્વારકાની જિલ્લા કલેકટર કચેરીના અધિકારીઓ, કર્મચારીઓ દ્વારા શપથ લેવાયા

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૬

ખંભાળિયાની જિલ્લા કલેકટર કચેરી ખાતે કલેકટર અશોક શર્માની ઉપસ્થિતિમાં વિજિલન્સ અવેરનેસ સપ્તાહની ઉજવણી કરવામા આવી હતી. જેમાં કલેક્ટર અશોક શર્માએ અધિકારીઓ અને કર્મચારીઓને પ્રામાણિકતાના શપથ લેવડાવ્યા હતા.



જિલ્લા કલેક્ટર કચેરીના અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા પોતાની ફરજ ચુસ્ત કર્તવ્યનિષ્ઠા અને પ્રામાણિક રીતે બજાવવા, કોઈપણ પ્રકારની લાલચ કે ભય કે પક્ષપાત વિના દેશસેવા કરવા અંગેના શપથ લેવામાં આવ્યા હતા. આ ઉપરાંત જિલ્લાની વિવિધ કચેરીઓમાં પણ અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા રાષ્ટ્રને સમર્પિત રહેવાના અને ભ્રષ્ટાચારનો વિરોધ કરવાના શપથ લેવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે, દેશભરમાં ૩૦ ઓક્ટોબર થી ૫ નવેમ્બર સુધી વિજિલન્સ અવેરનેસ સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષની આ ઝુંબેશની થીમ "ભ્રષ્ટાચારનો પ્રતિકાર કરો, રાષ્ટ્રને સમર્પિત રહો" છે. જેનો મહત્વનો ઉદ્દેશ્ય વ્યવસ્થા અને પ્રક્રિયાને એવી રીતે સુધારવાનો છે કે જેથી ભ્રષ્ટાચારને નાબૂદ કરી શકાય.

# ઉના અખિલ મારૂ રાજપુત સમાજ દ્વારા શુભ લક્ષ્મી શિક્ષણ યોજના શરૂ કરાઈ



(નવીન જોષી દ્વારા)

ઉના તા.૬

અખિલ મારૂ રાજપૂત સમાજ દ્વારા સમાજ ના હોશિયાર વિદ્યાર્થીઓ આર્થિક મુશ્કેલી ને લીધે ઉચ્ચ અભ્યાસના કરી શકતા હોય તેને મદદ રૂપ થવા શુભ લક્ષ્મી શિક્ષણ યોજના શરૂ કરેલ અને વરસ દરમિયાન સમાજ ના જ્ઞાતિ જનો એ તેમને ત્યાં આવતા જન્મ દિવસ, લગ્ન પ્રસંગ, લગ્નની વર્ષગાંઠ, વડીલોની પુણ્ય તિથિ નિમિત્તે સમાજ ને આર્થિક ધન રાશિ શુભ લક્ષ્મી શિક્ષણ ને અર્પણ કરતા રૂપિયા ૪લાખ જેવી રકમ જમા થઈ જતા સમાજ ના ૯ યુવાનોને ઉચ્ચ અભ્યાસ માટે વગર વ્યાજ ની લોન માટે ના ચેક અખિલ મારૂ રાજપૂત સમાજના અધ્યક્ષ ભીમજી ભાઈ અને કશ્યપ ભાઈ અને આગેવાનો એ અર્પણ કરેલ હતા.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જીવનમાં કંઈક મેળવવા માટે તપ કરવું સૌથી વધારે જરૂરી છે...
- ઋગ્વેદ

## : આજનું પંચાંગ :

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો વદ-૯, તા.૬ નવેમ્બર ૨૦૨૩, સોમવાર, પારસી તા.૨૩, મુસ્લિમ તા.૨૧, આશ્લેષા નક્ષત્ર, શુક્લ યોગ, તૈતિલ કરણ, સૂ.ઉ.૭:૦૦, સૂ.અ.૬:૧૦

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ), બપોરે ૧:૨૪ ક. પછી જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

## સાપ્તાહિક રાશી ભવિષ્ય

## તા.૦૬-૧૧-૨૦૨૩ થી ૧૩-૧૧-૨૦૨૩ સુધીનું આપનું સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**મેષ : અ.લ.ઈ. સ્વામિ - મંગળ**
કૌટુંબિક કાર્યમાં વિઘ્ન સૂચવતું આ સપ્તાહ વેપાર-ધંધાના ક્ષેત્રમાં પ્રગત્તિ કરાવે. નોકરાયીત વર્ગને ઉપરી અધિકારી તરફથી લાભ પ્રાપ્ત થાય. વાદ-વિવાદમાં ન ઉતરવું હિતાવહ. મહત્વના કાર્યો પાર પડે તેમજ રોકાયેલા નાણાં છૂટા થાય. મોજ-શોખમાં વધારો કરનારી વસ્તુની ખરીદી થાય. પ્રવાસ [illegible] હિતાવહ.

**વૃષભ : બ.વ.ઉ. સ્વામિ - શુક્ર**
સૌ પ્રથમ તો ખાવા-પીવામાં આ સપ્તાહ દરમિયાન ખૂબ જ કાળજી રાખવી નહિંતર આરોગ્ય બાબતની સમસ્યા ઊભી થાય. આ સપ્તાહ દરમિયાન કાર્ય સફળતા માટે મહેનત વધારવી અત્યંત જરૂરી બની જાય છે. આ સમય દરમિયાન પ્રવાસ લાભદાયી નીવડે. ધંધાકીયભાગીદાર સાથે [illegible] થાય.

**મિથુન : ક.છ.ઘ. સ્વામિ - બુધ**
આર્થિક લાભની તક અપાવનારું આ સપ્તાહ આપની પાસે કઠોર પરિશ્રમ કરાવે. વ્યવસાયિક ક્ષેત્રે નવિન ફેરફારો થાય તેવી શક્યતા છે.
નોકરીયાત વર્ગને ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું. કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિલંબ બાદ સફળતા મળે. આ સપ્તાહ દરમિયાન જમીન-વાહનને લગતા કાર્યોમાં સાવધાની રાખવી હિતાવહ છે.

**કર્ક : ડ.હ. સ્વામિ - ચંદ્ર**
આ સપ્તાહ દરમિયાન સાહસભર્યા કાર્યોથી દૂર રહેવું. જીવનસાથી સાથે વાદ-વિવાદ કે મનદુઃખના પ્રસંગ ઉદભવે, માનસિક અસ્વસ્થતા પણ અનુભવાય. અણધાર્યા કાર્યો આવી પડે જેથી અત્યંત વ્યસ્ત રહેવાય. મનના ધાર્યા પ્રમાણે કાર્યો ન થાય. નાણાંભીડનો અનુભવ થાય. જૂના મિત્રો દ્વારા મદદ મળે. સંતાનસંબંધિ ચિંતા અનુભવાય.

**સિંહ : મ.ટ. સ્વામિ - સૂર્ય**
આ સપ્તાહ દરમિયાન હરવા-ફરવાનો પ્રસંગ બને. અણધાર્યો લાભ મળે. કસોટીમાં પાર ઉતરશો. મહત્વના કાર્યોમાં સિધ્ધિ મળે. ધંધાકીય વિકાસના કાર્યોમાં વિલંબથી લાભ થાય. કેટલાક કાર્યોમાં પ્રેક્ટીકલ થવું પડે માટે બહુ લાગણીશીલ ન બનવું. વિશ્વાસે વહાણ ચલાવવા જતા દગાના ભોગ બનવાનો વખત આવે. ધાર્મિક કાર્યનું આયોજન થાય.

**કન્યા : પ.ઠ.ણ. સ્વામિ - બુધ**
નવિન ભાગ્યોદયની તક ખુલે. સ્વજનોથી મદદ મેળવી ભવિષ્યના આયોજનો સફળતાથી પાર પાડી શકશો પરંતુ ગુપ્ત શત્રુઓથી સાવધ રહેવું પડે. ઉચ્ચ અધિકારીવર્ગ કે વડીલવર્ગની કૃપાદ્રષ્ટિ રહે. પરિવારને લગતા કાર્યો વિશેષ રહે. નિર્ણયશક્તિમાં ચંચળતા રહે તે બાબતે સાવધ રહેવું. મિલ્કત સંબંધી કાર્યો મહેનત બાદ સરળ બને.

**તુલા : ર.ત. સ્વામિ - શુક્ર**
આર્થિક વ્યય બાબતે સાવધાની વર્તવા જગૃત રહેવાથી આ સપ્તાહમાં નુકશાનીમાંથી બચી શકશો. મહત્વની જવાબદારીમાંથી મુક્તિ મેળવી શકશો. વાહનપર સવારી ટાળવી હિતાવહ છે. પરોપકારી કાર્યમાં સફળતા મળે. મનની મુંઝવણ દૂર કરનારા પ્રસંગોનું આયોજન થાય. રાજકીય કે સામાજિક ક્ષેત્રે સંભાળવું હિતાવહ.

**વૃશ્ચિક : ન.ય. સ્વામિ - મંગળ**
ભૌતિક સુખમાં વધારો કરનારું આ સમય કેટલીક નવિનતા સભર નીવડે. રચનાત્મક કાર્યમાં સફળતા મેળવી શકશો. અટકી પડેલું કાર્ય આકસ્મિક પૂર્ણ થઈ જાય. જોખમી કાર્યોમાં સફળતા અપાવનાર આ અઠવાડિયું જૂના વિવાદોનું અંત આણનારું હશે. મનમાં પ્રફુલિતતા અને આનંદ આપનારું આ સપ્તાહ પારિવારીક જીવનમાં પણ ઉલ્લાસ

**ધન : ભ.ધ.ફ.ઢ. સ્વામિ - ગુરૂ**
પારિવારીક કે સામાજિક કાર્યોની અધિક્તા રહે. મોસાળ પક્ષથી લાભ થાય. વડિલવર્ગ સાથેના મતભેદો દૂર થાય. માનસિક વ્યથા દૂર થાય. મનની મુરાદ બર આવે. પ્રિયજન સાથે મિલન મુલાકાત સફળ નીવડે. સ્વજનોના સહયોગથી મહત્વની ચિંતા દૂર કરી શકશો. સર્જનાત્મક પ્રવૃત્તિમાં વેગ આવે.

**મકર : ખ.જ. સ્વામિ - શની**
નાણાંકીય બાબતોમાં સુધારો લાવનારું આ સપ્તાહ સમસ્યાઓનું સમાધાન કરાવી દે. નજીકના મિત્ર-વર્તુળ દ્વારા આર્થિક લાભ મળે. અધ્યાત્મિક અભિરૂચીમાં વધારો થાય. પ્રવાસ-પર્યટનની મજા માણી શકશો. સામાજિક માન-પ્રતિષ્ઠામાં વધારો થાય. કાર્યબોજમાં હળવાશ અનુભવી શકશો.

**કુંભ : ગ.શ.ષ.સ. સ્વામિ -શની**
કાર્યબોજની અધિક્તાને લીધે મન તનાવગ્રસ્ત રહે તેમ છતાં પણ આયોજનો સફળતાથી પાર પાડી શકશો. કોર્ટ-કચેરીને લગતા કાર્યો ધીમી ગતિએ આગળ વધશે. રોકાયેલા નાણા છૂટા થવામાં વિલંબ થાય. વાણીમાં ઉગ્રતાનો પ્રભાવ રહે. શરીરમાં સુસ્તી

**મીન : દ.ચ.ઝ.થ. સ્વામિ - ગુરૂ**
આ સપ્તાહ દરમિયાન નોકરી-ધંધામાં સખત પરિશ્રમ કરવો પડે. અપયશના ભાગીદાર બનવું પડે. જો કે, નાણાંકીય ચિંતા દૂર થાય. રોકાયેલા નાણાં છૂટા થાય. વાણીઘર્ષણ ન થાય તેની તકેદારી રાખવી. ખટપટ્ટા કાર્યથી દૂર રહી આરોગ્યની કાળજી રાખવી.

# નવેમ્બરમાં અમદાવાદમાં એક્સપોર્ટર કોન્ફરન્સ તથા સુરતમાં ટેક્સટાઈલ સમિટ યોજવામાં આવશે

ગાંધીનગર, તા.૬

રાજ્યમાં આગામી વર્ષના પ્રારંભે વાઈબ્રન્ટ સમિટ યોજાવાની હોઈ તેને લઈને સરકાર દ્વારા છેલ્લા દોઢ-બે માસથી જ પ્રિ-સમિટએમઓયુ સહિતના આયોજનો હાથ ધરાયા છે. વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૪ના ભાગરૂપે દર સપ્તાહે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં ગુજરાતમાં વિવિધ ક્ષેત્રોમાં રોકાણ માટે એમઓયુ કરવામાં આવે છે, જેના પરિણામ સ્વરૂપે અત્યાર સુધીમાં રાજ્યકક્ષાએ કુલ ૧૧ તબક્કામાં કુલ રૂા.૨૫,૯૪૫ કરોડથી વધુના ૪૭ એમઓયુ સંપન્ન થયા છે, જેના થકી રાજ્યમાં અંદાજે ૬૯ હજારથી વધુ યુવાનોને રોજગારીના અવસર પ્રાપ્ત થશે. પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે આ અંગેની વિગતો આપતા જણાવ્યું હતું કે, તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સીધા માર્ગદર્શનમાં ગુજરાતમાં શરૂ કરવામાં આવેલી વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટની આવતા વર્ષે એટલે કે ૨૦૨૪માં સફળતાપૂર્વક ૧૦ આવૃત્તિ યોજાવા જઈ રહી છે. ગ્લોબલ સમિટને સફળ બનાવવાના ભાગરૂપે તા.૨૩ નવેમ્બર, ૨૦૨૩ના રોજ સુરતમાં SGCCI ખાતે 'પાંચ ફિએસ્ટા' વિષયક 'ટેક્સટાઈલ સમિટ' તેમજ તા.૩૦ નવેમ્બર, ૨૦૨૩ના દિવસે અમદાવાદમાં 'એક્સપોર્ટર કોન્ફરન્સ'નું આયોજન કરવામાં આવ્યું છે. આ સિવાય સમિટ અંતર્ગત ચાર કેબિનેટ મંત્રીઓની ઉપસ્થિતિમાં ચાલુ નવેમ્બર માસમાં કોલકાતા, ચેન્નાઈ, લખનૌ, બેંગ્લોર અને ગુવાહાટીમાં 'રાષ્ટ્રીય રોડ શો' યોજવામાં આવશે. જ્યારે ઓક્ટોબરમાં દિલ્હી, મુંબઈ અને ચંદીગઢમાં રોડ શો પૂર્ણ કરવામાં આવ્યા છે તેમ, મંત્રીએ કહ્યું હતું. પ્રવક્તા મંત્રીએ વધુમાં કહ્યું હતું કે, વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટને વૈશ્વિક કક્ષાએ વધુને વધુ પ્રમોટ કરવાના ઉદ્દેશ્યથી હાલમાં રાજ્યના ઉચ્ચ સનદી અધિકારીઓની ઉપસ્થિતિમાં ઓક્ટોબર- નવેમ્બર માસમાં જર્મની, ઈટાલી, ડેનમાર્ક, યુ.એસ.એ, ઓસ્ટ્રેલિયા, યુએઈ, સાઉથ કોરિયા અને વિયેતનામમાં રોકાણકારો અને ઉદ્યોગપતિઓ સાથે સફળ રીતે 'આંતરરાષ્ટ્રીય રોડ શો' યોજવામાં આવી રહ્યા છે. આ સિવાય ઓક્ટોબર માસમાં જાપાન, સિંગાપોર અને ફ્રાન્સ ખાતે આંતરરાષ્ટ્રીય રોડ શો પૂર્ણ કરવામાં આવ્યા છે જેને વૈશ્વિક કક્ષાએ અદ્‌ભૂત પ્રતિસાદ મળી રહ્યો છે તેમ તેમણે જણાવ્યું હતું.

# પ્રવાસી શિક્ષકોને ૨૫ જુલાઈના બદલે ૫ જૂનથી મહેનતાણું ચુકવવા માંગણી

અમદાવાદ, તા.૬

અમદાવાદની શાળાઓમાં ફરજ બજાવી ચુકેલા પ્રવાસી શિક્ષકોને પગાર ચુકવવા માટેની ડીઈઓ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. જોકે, તેમાં પ્રવાસી શિક્ષકોને ૨૫ જુલાઈથી મહેનતાણું ચુકવવા માટે સુચના આપવામાં આવી હોવાનું સામે આવતા અમદાવાદ શહેર શાળા સંચાલક મંડળ દ્વારા ડીઈઓને પત્ર લખી રજૂઆત કરાઈ છે. જેમાં પ્રવાસી શિક્ષકોએ ૫ જૂનથી ફરજ બજાવી હોય તેમને ત્યારથી મહેનતાણું ચુકવવામાં આવવું જોઈએ. પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદ શહેર શાળા સંચાલક મંડળના પ્રમુખ હિતેશ પટેલ અને મહામંત્રી અલ્કેશ પટેલે જિલ્લા શિક્ષણાધિકારીને પત્ર લખીને રજૂઆત કરી છે. જેમાં જણાવાયું છે કે, શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪નું પ્રથમ સત્ર ૫ જૂન, ૨૦૨૩ના રોજથી શરૂ કરવામાં આવ્યું હતું. રાજ્યમાં શૈક્ષણિક સત્રનો પ્રારંભ થયો તે સાથે જ વિદ્યાર્થીઓના શિક્ષણના હિતને ધ્યાને લઈને તમામ શાળાઓએ જરૂરી પ્રવાસી શિક્ષકોની ભરતી કરી દીધી હતી. આમ, ૫ જૂનથી જ રાજ્યની સ્કૂલોમાં પ્રવાસી શિક્ષકો ફરજ બજાવવા માટે હાજર થયા હતા અને વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવતા હતા. આમ, આ પ્રવાસી શિક્ષકોને ૫ જૂન, ૨૦૨૩થી પગાર મેળવવાનો તેમનો હક છે. જોકે, અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા પ્રવાસી શિક્ષકોને પગારની ચુકવણી માટે સ્કૂલો પાસેથી વિગતો મંગાવી છે. જેમાં કરવામાં આવેલા આદેશ અનુસાર, ૨૫ જુલાઈ, ૨૦૨૩થી પ્રવાસી શિક્ષકોને પગાર ચુકવવામાં આવનાર હોવાનું જણાવી તે પ્રમાણે વિગતો મોકલવા માટે સુચના અપાઈ છે. આમ, પ્રવાસી શિક્ષકો જૂનથી હાજર થયા છે, પરંતુ તેમને ૨૫ જુલાઈથી પગાર ચુકવવામાં આવનાર હોવાથી તે પ્રવાસી શિક્ષકો માટે અન્યાય કર્તા રહેશે. આમ, પ્રવાસી શિક્ષકોને ૨૫ જુલાઈના બદલે તેમણે ફરજ બજાવી છે તે ૫ જૂનથી ૩૦ ઓક્ટોબર સુધી તેમને પગાર ચુકવવામાં આવે તેવી માંગણી કરી છે.

# 'મને અનૈતિક અને અશોભનીય પ્રશ્નો પૂછવામાં આવ્યા હતા' : મહુઆ મોઈત્રાએ સંસદની નૈતિક સમિતિની બેઠકમાંથી બહાર નીકળતા કહ્યું

નવી દિલ્હી, તા.૬

TMC સાંસદ મહુઆ મોઈત્રા તાજેતરમાં સંસદની નૈતિક સમિતિની બેઠકમાંથી બહાર નીકળી ગયા અને પેનલની પૂછપરછ અંગે પોતાનો ગુસ્સો વ્યક્ત કર્યો હતો. ટીએમસી સાંસદે દાવો કર્યો હતો કે, પેનલે તેણી સામે 'ગંદા પ્રશ્નો'નો ઢગલો મૂક્યો હતો જેના કારણે તેણી મીટિંગ છોડવા માટે મજબૂર થઈ ગઈ હતી. ન્યૂઝ એજન્સી ANI દ્વારા શેર કરવામાં આવેલા વીડિયોમાં મહુઆ મોઈત્રા મીટિંગ દરમ્યાન પૂછવામાં આવેલા પ્રશ્નો ઉપર ગુસ્સે થઈને આ મીટિંગમાંથી બહાર નીકળતાં જોવા મળે છે. મોઈત્રા ઉપરાંત બસપાના સાંસદ દાનિશ અલીએ પણ સંસદની એથિક્સ કમિટીની બેઠકમાંથી વોકઆઉટ કર્યું હતું. મોઈત્રા એથિક્સ કમિટી સમક્ષ હાજર થયા હતા અને પેનલને કહ્યું હતું કે, 'દુશ્મનાવટના સંબંધ'ને કારણે આ વિવાદ થયો છે. કેશ ફોર ક્વેરીનો વિવાદ ભાજપના સાંસદ નિશિકાંત દુબેએ લોકસભા સ્પીકર ઓમ બિરલાને પત્ર લખીને મોઈત્રા ઉપર સંસદમાં પ્રશ્નો પૂછવાના બદલામાં રોકડ અને ભેટ લેવાનો આરોપ મૂક્યો હતો. તેમના પત્રમાં દુબેએ દેહદરાઈ દ્વારા કરવામાં આવેલા સંશોધનનો ઉલ્લેખ કર્યો છે. દરમ્યાન જય અનંત દેહદરાઈએ કહ્યું છે કે, તે કોઈથી ડરતો નથી અને કોઈની પણ દાદાગીરી સહન કરશે નહીં. હું બીજા કોઈ વિશે ટિપ્પણી કરી શકતો નથી. આ એક આઝાદ દેશ છે, કોઈપણ તે જે ઈચ્છે તે કહી શકે છે. લોકો કહે છે તેના પરિણામો ખરાબ હોય છે અને યોગ્ય સમયે હું ચોક્કસપણે સામે આવીશ અને જે બન્યું હતું તે સમજાવીશ. જો કોઈ પીડિતાની ભૂમિકા ભજવવાનો પ્રયાસ કરીને કથાને બદલવાનો પ્રયાસ કરી રહ્યું છે, તો આખો દેશ જોઈ રહ્યો છે. મને લાગે છે કે, જનતા તે ખૂબ જ બુદ્ધિશાળી છે, તેઓ જાણે છે કે, શું થઈ રહ્યું છે. એથિક્સ પેનલનો સામનો કરવાના એક દિવસ પહેલાં મહુઆ મોઈત્રાએ કહ્યું હતું કે, તેણી હિરાનંદાની ગ્રુપના સીઈઓ દર્શન હિરાનંદાનીને તેણીની સામે રજૂઆત કરવા ઈચ્છે છે કારણ કે, આ વ્યક્તિએ સંસદમાં પ્રશ્નોના બદલામાં તેણીને રોકડ અને ભેટો આપી હોવાનું જણાવ્યું હતું.

# રાજ્યની પ્રાથમિક સ્કૂલોમાં પણ ૯મીથી દિવાળી વેકેશન

અમદાવાદ, તા.૬

રાજ્યની તમામ પ્રાથમિક સ્કૂલોમાં ૯ નવેમ્બરથી દિવાળી વેકેશન જાહેર કરવાનો નિર્ણય લેવાયો છે. દરવર્ષે શિક્ષણ બોર્ડ દ્વારા જાહેર કરવામાં આવતી દિવાળી વેકેશનની તારીખ અનુસાર જ પ્રાથમિકમાં તારીખ જાહેર કરવામાં આવતી હોય છે. જેથી પ્રાથમિક અને માધ્યમિકમાં એક સાથે દિવાળી વેકેશન રાખી શકાય. તે માટે શિક્ષણ બોર્ડ દ્વારા નક્કી કરવામાં આવતા એકેડેમિક કેલેન્ડર અનુસાર જ પ્રાથમિક સ્કૂલોમાં પણ દિવાળી વેકેશન નિયત કરવામાં આવે છે. જે અનુસાર, આ વર્ષે પણ શિક્ષણ બોર્ડના શાળાકીય પ્રવૃત્તિ કેલેન્ડરમાં દર્શાવેલી તારીખ મુજબ રાજ્યમાં આવેલ પ્રાથમિક શાળાઓ માટે દિવાળી વેકેશન ૯ નવેમ્બર, ૨૦૨૩થી ૨૯ નવેમ્બર, ૨૦૨૩ સુધી કુલ ૨૧ દિવસનું નિયત કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ અંગે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા રાજ્યના તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી અને જિલ્લા શિક્ષણાધિકારીને પરિપત્ર મોકલી જાણ કરી છે. વેકેશનને લઈને જિલ્લા શિક્ષણાધિકારી અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીએ સંકલનમાં રહીને સુચવ્યા મુજબ વેકેશનની તારીખો જાહેર કરવાની રહેશે.

# SBIની હૈદરાબાદ અને કોલકાતા શાખાઓએ સૌથી વધુ ચૂંટણી બોન્ડ વેચ્યા છે

## SBIની શાખાઓમાં ૧૦ દિવસમાં રૂા. ૧,૦૦૦થી વધુના ૧ કરોડના ઈલેક્ટોરલ બોન્ડનું વેચાણ થયું

(એજન્સી) તા.૬

ઈલેક્ટોરલ બોન્ડના વેચાણની ૨૮મી વિન્ડો ૧૦ દિવસ સુધી ખુલ્લી હતી. RTI કાર્યકર્તા કોમોડોર લોકેશ બત્રા સાથે ચૂંટણી બોન્ડની એકમાત્ર જારી કરનાર સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા શેર કરવામાં આવેલી વિગતો દર્શાવે છે કે આ નવીનતમ રાઉન્ડ માટે :




૧. SBIની ૧૪ જેટલી શાખાઓ, જેમાંથી ચાર દક્ષિણના રાજ્યોમાં છે, તેઓએ આ ૧૦ દિવસમાં રૂા.૧,૧૪૮.૩૮ કરોડના મૂલ્યના ચૂંટણી બોન્ડનું વેચાણ કર્યું છે. તેમાંથી રૂા.૧,૦૯૫ કરોડ (૯૫.૩૫૨ ટકા) દરેક રૂા.૧ કરોડના મૂલ્યમાં હતા.

૨. એસબીઆઈની તમામ ૧૪ શાખાઓએ રૂા. ૧ કરોડના બોન્ડ વેચ્યા છે, તેમાંથી હૈદરાબાદ શાખાએ સૌથી વધુ (૩૭૬) વેચાણ કર્યું છે, ત્યારબાદ કોલકાતા (૧૯૪), મુંબઈ (૧૬૯), નવી દિલ્હી (૧૨૮) અને ચેન્નાઈ (૯૪) છે. તેલંગાણા વિધાનસભાની ચૂંટણી નવેમ્બરમાં થવાની છે. SBIની ૧૪ શાખાઓમાંથી દરેકે એક કરોડ રૂપિયાના બોન્ડનું વેચાણ કર્યું હતું, જેમાં હૈદરાબાદ શાખા ૩૭૬ સાથે સૌથી આગળ છે, ત્યારબાદ કોલકાતા, મુંબઈ, નવી દિલ્હી અને ચેન્નાઈનો નંબર આવે છે.

૩. જો કે મધ્ય પ્રદેશ અને રાજસ્થાન બંનેમાં આ મહિને નવેમ્બરમાં ચૂંટણીઓ પણ થવાની છે, ભોપાલ અને જયપુરમાં SBIની શાખાઓએ અનુક્રમે રૂા.૧૩ કરોડ અને રૂા.૧૦ કરોડના ચૂંટણી બોન્ડનું વેચાણ કર્યું હતું જે હૈદરાબાદ શાખા કરતાં ઘણું ઓછું હતું.

૪. ઓછી કિંમતના ચૂંટણી બોન્ડ (રૂા.૧,૦૦૦, રૂા.૧૦,૦૦૦, રૂા.૧ લાખ અને રૂા.૧૦ લાખ)ના ખૂબ ઓછા લેનારા હતા.

૫. SBIની ૧૪ શાખાઓમાંથી માત્ર ચારે જ રૂા.૧,૦૦૦ના બોન્ડ વેચ્યા હતા જેમાં કુલ ૫૭, જેમાંથી ૪૪ ગુજરાતમાં ગાંધીનગર શાખા દ્વારા વેચવામાં આવ્યા હતા, ત્યારબાદ કોલકાતા દ્વારા ૮, બેંગલુરુ દ્વારા ૩ અને નવી દિલ્હી દ્વારા ૨ બોન્ડ્સ વેચવામાં આવ્યા હતા.

૬. ૧૪ નિયુક્ત શાખાઓમાંથી ૧૦ જેટલી શાખાઓએ રૂા. ૧,૦૦૦ અને રૂા.૧૦,૦૦૦ મૂલ્યના એક પણ ચૂંટણી બોન્ડનું વેચાણ કર્યું નથી. આ તિરુવનંતપુરમ, રાંચી, મુંબઈ, લખનૌ, જયપુર, હૈદરાબાદ, ગુવાહાટી, ચેન્નાઈ, ચંદીગઢ અને ભોપાલમાં છે.

૭. રૂા.૧ લાખના બોન્ડ પણ બહુ લોકપ્રિય નથી- તેમાંથી માત્ર ૩૦૭ બેંગલુરુ, હૈદરાબાદ, કોલકાતા, મુંબઈ, દિલ્હી અને ગાંધીનગરમાં એસબીઆઈની પાંચ શાખાઓમાં વેચાયા હતા.

૮. આરટીઆઈનો જવાબ એ પણ સૂચવે છે કે આ ૨૮મા તબક્કા દરમ્યાન ઓક્ટોબરમાં રૂા.૧,૦૦૦થી રૂા.૧૦ લાખ સુધીના મૂલ્યોમાં માત્ર ૯૧૭ ઈલેક્ટોરલ બોન્ડ વેચાયા હતા.

૯. આ ૯૧૭ ઈલેક્ટોરલ બોન્ડ્સ કુલ રૂા.૧૫૩ કરોડના હતા, જ્યારે રૂા.૧ કરોડના ૧,૦૯૫ ઈલેક્ટોરલ બોન્ડ્સથી કુલ રૂા. ૧,૦૯૫ કરોડ આવ્યા હતા.

૧૦. આ ૧૦ દિવસો દરમિયાન કુલ ૨,૦૧૨ ઈલેક્ટોરલ બોન્ડ વેચાયા હતા, તેમાંથી ૧,૧૦૫ માત્ર બે શાખાઓ દ્વારા વેચવામાં આવ્યા હતા અને તે હૈદરાબાદ અને કોલકાતા છે.

અગાઉના તબક્કાઓમાં મોટાભાગના દાતાઓ દ્વારા રૂા.૧ કરોડના બોન્ડ લીધા હતા. આ સૂચવે છે કે સમૃદ્ધ વ્યક્તિઓ, સંભવતઃ બિઝનેસ માલિકો અને કોર્પોરેટ સંસ્થાઓ આપણા રાજકીય પક્ષોને ભંડોળ પૂરૂ પાડે છે, સામાન્ય નાગરિકો નહીં.

## બ્રેથ એનાલાઈઝર ટેસ્ટ : DGCAએ સુધારેલા ધોરણો જારી કર્યા

# પાઈલોટ્સને અને ક્રૂ મેમ્બર્સને માઉથવોશ, ટૂથ જેલના ઉપયોગ કરવા ઉપર પ્રતિબંધ

નવી દિલ્હી, તા.૬

ઉડ્ડયન નિયમનકાર D.G.C.A. દ્વારા જારી કરાયેલા સુધારા અનુસાર પાઈલોટ અને ક્રૂ મેમ્બર્સ, માઉથવોશ, ટૂથ જેલ અથવા આલ્કોહોલિક સામગ્રી ધરાવતા કોઈપણ પદાર્થનો ઉપયોગ કરી શકતા નથી કારણ કે તે હકારાત્મક શ્વાસ વિશ્લેષક પરીક્ષણમાં પરિણમી શકે છે. આ ઉપરાંત દારૂના સેવન માટે વિમાન કર્મચારીઓની તબીબી તપાસ માટેની પ્રક્રિયાને લગતા ધોરણોમાં વિવિધ ફેરફારો કરવામાં આવ્યા છે. એક પ્રકાશનમાં ડીજીસીએએ જણાવ્યું હતું કે તેણે પ્રતિસાદ સાથે સુસંગત હાલના નિયમોની જોગવાઈઓને સુવ્યવસ્થિત કરવા સાથે એરક્રાફ્ટ કામગીરીની સલામતી વધારવાના ઉદ્દેશ્ય સાથે દારૂના સેવન માટે એરક્રાફ્ટ કર્મચારીઓની તબીબી તપાસ માટેની પ્રક્રિયા ઉપર નાગરિક ઉડ્ડયન આવશ્યકતાઓ (C.A.R.)માં સુધારો કર્યો છે. વધુ અસરકારક અમલીકરણ માટે સમયાંતરે ઉદ્યોગ અને હિતધારકો પાસેથી સુચનો મંગાવવામાં આવશે. ૩૦ ઓક્ટોબરે D.G.C.A. જણાવ્યા મુજબ "કોઈપણ ક્રૂ મેમ્બર કોઈપણ દવા/ફોર્મ્યુલેશનનું સેવન ન કરે અથવા માઉથવોશ/ટૂથ જેલ અથવા એવી કોઈ પ્રોડક્ટ કે જેમાં આલ્કોહોલિક સામગ્રી હોય તેવા કોઈપણ પદાર્થનો ઉપયોગ કરવો નહીં. આના પરિણામે શ્વાસ વિશ્લેષક પરીક્ષણ હકારાત્મક થઈ શકે છે. કોઈપણ ક્રૂ સભ્ય જે આવી દવા લઈ રહ્યો હોય તેણે ફ્લાઈંગ અસાઈનમેન્ટ હાથ ધરતા પહેલા કંપનીના ડૉક્ટરની સલાહ લેવી જોઈએ. આમાં 'પરફ્યુમ' શબ્દ સામેલ નથી. ફ્યુઅલ સેલ ટેક્નોલોજી સાથે બ્રેથ એનાલાઈઝર ઈક્વિપમેન્ટ ફરજિયાત બનાવવામાં આવ્યા છે અને કેલિબ્રેશન એજન્સીઓની દેખરેખ અને દેખરેખ માટેની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. શ્વાસ વિશ્લેષક ચૂકી ગયેલા કેસોને રોકવા માટે એક જોગવાઈ રજૂ કરવામાં આવી છે જેમાં ઓપરેટિંગ ફ્લાઈટ માટે રેમ્પ ટુ રેમ્પ ટ્રાન્સફરના કિસ્સામાં મુસાફરો તરીકે મુસાફરી કરતા ઓપરેટિંગ ક્રૂએ બોર્ડિંગ સ્ટેશન ઉપર શ્વાસ વિશ્લેષક પરીક્ષણમાંથી પસાર થવું પડશે અન્ય આવશ્યકતાઓમાં શ્વાસ વિશ્લેષક પરીક્ષણનું કેમેરા રેકોર્ડિંગ કરવામાં આવ્યું છે. મોસમી યાત્રાધામ કામગીરીમાં રોકાયેલા ઓપરેટરો અને નોન-શિડ્યુલ્ડ ઓપરેટરો માટે ફરજિયાત. ઉપરાંત રાજ્ય સરકારોએ બેઝ સ્ટેશન ઉપર આ જરૂરિયાતનું પાલન સુનિશ્ચિત કરવું જોઈશે અને એવા કિસ્સામાં જ્યાં તેઓ બે દિવસથી વધુ સમય માટે બેઝ સ્ટેશનથી દૂર હોય અને ત્યાંથી ફ્લાઈટ ચલાવે. જો કોઈ ક્રૂ મેમ્બર/સ્ટુડન્ટ પાઈલટને એરપોર્ટ ઉપર પહોંચ્યા પછી લાગે છે કે તે માંદગીને કારણે તેની ફ્લાઈંગ ડ્યુટી સુરક્ષિત રીતે નિભાવવામાં અસમર્થ છે તો ક્રૂ મેમ્બર તેની કંપનીને જાણ કરશે અને આવા કિસ્સામાં બ્રેથ-એનાલાઈઝર ટેસ્ટ કરવામાં આવશે નહીં અને તે ચૂકી ગયેલ બીએ તરીકે ગણવામાં આવશે નહીં. જો કે તે દિવસે ક્રૂ મેમ્બર/વિદ્યાર્થી પાયલોટને ફ્લાઈંગ ડ્યુટી માટે રોસ્ટર કરવામાં આવશે નહીં અને ત્યારબાદ કંપનીના ડૉક્ટર દ્વારા સમીક્ષા કર્યા પછી ફ્લાઈંગ ડ્યૂટી માટે રોસ્ટર કરવામાં આવશે. ખાસ કરીને સામાન્ય ઉડ્ડયનમાં ઓપરેટરોને સુવિધા આપવા માટે નિયમનકારે શ્વાસ વિશ્લેષક પરીક્ષામાંથી પસાર થવાની સુવિધાઓનો અવકાશ વધાર્યો છે." DGCA ધોરણો હેઠળ તમામ સુનિશ્ચિત ઓપરેટરો માટે દરેક ફ્લાઈટ ક્રૂ મેમ્બર અને કેબિન ક્રૂ મેમ્બરને ફ્લાઈટ ડ્યુટી સમયગાળા દરમ્યાન પ્રથમ પ્રસ્થાન એરપોર્ટ પર પ્રી-ફ્લાઈટ શ્વાસ વિશ્લેષક પરીક્ષાને આધિન કરવામાં આવશે. ભારતની બહારના ગંતવ્યસ્થાનોથી ઉદ્‌ભવતી તમામ સુનિશ્ચિત ફ્લાઈટ માટે દરેક ફ્લાઈટ ક્રૂ અને કેબિન ક્રૂની પોસ્ટ-ફ્લાઈટ શ્વાસ વિશ્લેષક પરીક્ષા ભારતમાં ઉતરાણના પ્રથમ બંદર ઉપર ધોરણો મુજબ કરવામાં આવશે. જ્યારે ક્રૂ શ્વાસ વિશ્લેષક પરીક્ષણમાં સકારાત્મક પરીક્ષણ કરે છે ત્યારે કડક સજા કરવામાં આવે છે. તે પુનરાવર્તિત છે કે કેમ તેના આધારે. તે ફ્લાઈટ પહેલા અને પોસ્ટ બંને પરીક્ષણો માટે લાગુ પડે છે.

# અનિંદ્રાથી પીડાતા લોકો માટે હાર્ટએટેક આવવાનું જોખમ ૩૨ ટકા વધુ

અમદાવાદ,તા.૬

હૃદયરોગના જોખમના પરિબળો ઉપરના વિશ્વવ્યાપી સંશોધનમાં અપૂરતી ઉંઘને હૃદયરોગના હુમલાના જોખમના નોંધપાત્ર પરિમાણ તરીકે વર્ગીકૃત કરવામાં આવી છે. કાર્ડિયોલોજિસ્ટ ડો. અભિષેક ત્રિપાઠી સિનિયર કન્સલ્ટન્ટ, ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજી, ઝાયડસ હોસ્પિટલ, અમદાવાદ, દ્વારા જાહેર પ્રતિભાવ આધારિત અભ્યાસનું વિશ્લેષણ, અભ્યાસની વસ્તીના ૩૮ ટકા લોકોમાં દૈનિક ઉંઘનો સમય ૬ કલાક કે તેથી ઓછો નોંધે છે. અમેરિકન કોલેજ ઓફ કાર્ડિયોલોજીના જર્નલમાં પ્રકાશિત થયેલા એક મોટા અભ્યાસ (૪૬૧,૩૪૭ પુરૂષો અને સ્ત્રીઓ) અનુસાર, છ કલાકથી ઓછી અથવા નવ કરતા વધુ ઉંઘ લેનારા લોકોને હાર્ટ એટેક આવવાનું જોખમ ૩૨ ટકા વધારે હતું. ૫-૬ કલાક અને ઓછા ઉંઘના સમયની અધ્યયન વસ્તીમાં હૃદયરોગનો વ્યાપ ૩૭.૫ ટકા જોવા મળ્યો હતો, અને ૭થી વધુ કલાકના દૈનિક ઉંઘના સમયના સબ્જેકટ ગ્રુપમાં તે ૧૮.૫૧ ટકા હતો. ડાયાબિટીસ, હાયપરટેન્શન અને ધૂમ્રપાન જેવા મુખ્ય જોખમી પરિબળોને ધ્યાનમાં લીધા પછી તે નોંધવામાં આવ્યું હતું. ડો. અભિષેક ત્રિપાઠીએ જણાવ્યું હતું કે ગુણવત્તા અને અપૂરતી ઉંઘની કેટલીક વ્યકિતઓ ઉપર ઘણી આડઅસર કરે છે અને કમનસીબે આજના સમયમાં ઘણા લોકો તેનાથી પીડાય પણ રહ્યા છે.

# ક્યાં છે રોજગાર ? : ચૂંટણી પહેલાં સરકાર માટે મોંકાણના સમાચાર ! ઓક્ટોબરમાં બેરોજગારી બે વર્ષની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગઈ

## સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી લિમિટેડે તેના ડેટા દ્વારા માહિતી આપી કે, ઓક્ટોબરમાં બેરોજગારીનો દર ૧૦.૦૫ ટકા ઉપર પહોંચી ગયો




નવી દિલ્હી, તા.૬

આ મહિને યોજાનારી ૫ રાજ્યોની વિધાનસભાની ચૂંટણી પહેલા કેન્દ્ર સરકાર માટે એક ખરાબ સમાચાર આવ્યા છે. પ્રાઈવેટ રિસર્ચ ફર્મ CMIEએ દાવો કર્યો છે કે ભારતમાં બેરોજગારી ઓક્ટોબર ૨૦૨૩માં ૨ વર્ષમાં સૌથી વધુ સ્તરે પહોંચી ગઈ છે. દેશના ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારી વધુ વધી છે. જેની અસર એકંદરબેરોજગારી દર પર દેખાઈ રહી છે. બિઝનેસ સ્ટાન્ડર્ડમાં પ્રકાશિત રિપોર્ટ અનુસાર સેન્ટર ફોર મોનિટરિંગ ઈન્ડિયન ઈકોનોમી લિમિટેડે તેના ડેટા દ્વારા માહિતી આપી છે કે ઓક્ટોબરમાં બેરોજગારીનો દર ૧૦.૦૫ ટકા પર પહોંચી ગયો છે. જ્યારે સપ્ટેમ્બર, ૨૦૨૩માં બેરોજગારીનો દર ૭.૦૯ ટકાની આસપાસ હતો. નોંધનીય છે કે ઓક્ટોબરમાં બેરોજગારીનો દર મે ૨૦૨૧ પછી સૌથી વધુ થઈ ગયો છે. તેના ગ્રામીણ વિસ્તારોમાં બેરોજગારીનો દર ૬.૨૦ ટકાથી વધીને ૧૦.૮૨ ટકા થયો છે. તે જ સમયે, શહેરોમાં નવી નોકરીઓ આવવાના કારણે, આ દર ઘટીને ૮.૪૪ ટકા થઈ ગયો છે. આ વર્ષે ચોમાસાની બગડતી પ્રકૃતિને કારણે ખાંડ, ચોખા અને ઘઉં જેવી અનેક ચીજવસ્તુઓના પાકને પ્રતિકૂળ અસર થઈ છે. આ કારણે, ભારત સરકારે દેશમાં આ વસ્તુઓની કિંમતોને નિયંત્રિત કરવા માટે ઘણા નિયંત્રણો લાદ્યા છે. ઓછા ઉત્પાદનને કારણે ગ્રામીણ વિસ્તારોમાં ખેતીની પ્રવૃત્તિઓને અસર થઈ છે. તે જ સમયે, શહેરી વિસ્તારોમાં મેન્યુફેક્ચરિંગમાં તેજી જોવા મળીરહી છે. આવી સ્થિતિમાં શહેરોમાં નવી નોકરીઓની તકો વધી રહી છે. નોંધનીય છે કે ભારત સરકાર દર વર્ષે બેરોજગારીનો વાર્ષિક ડેટા જાહેર કરે છે. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા આંકડા અનુસાર, નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩માં દેશમાં બેરોજગારીનો દર ૩.૨ ટકા રહ્યો છે. આ મહિને પાંચ રાજ્યો છત્તીસગઢ, મધ્યપ્રદેશ, રાજસ્થાન, તેલંગાણા અને મિઝોરમમાવિધાનસભાની ચૂંટણી છે. આવી સ્થિતિમાં ચૂંટણી પહેલા બેરોજગારીના આ આંકડા સરકારની ચિંતા વધારી શકે છે. નોંધનીય બાબત એ છે કે નિષ્ણાતોના મતે ભારતનો જીડીપી ૬ ટકાના દરે વધવાની સંભાવના છે, પરંતુ તેમ છતાં તે ગતિએ યુવાનો માટે નવી નોકરીઓનું સર્જન થઈ રહ્યું નથી. આવી સ્થિતિમાં આગામી ચૂંટણીમાં આ એક મોટો મુદ્દો બની શકે છે. અગાઉ, દેશમાં મોટા પાયે યુવાનોને રોજગાર પ્રદાન કરતી ઈન્ફોસિસ અને વેપ્રો જેવી IT કંપનીઓએ આ વર્ષે નવી ભરતીની પ્રક્રિયા બંધ કરવાનું કહ્યું હતું. આવી સ્થિતિમાં કોલેજમાંથી પાસ આઉટ થયેલા હજારો નવા એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ માટે નોકરીનું સંકટ ઊભું થયું છે. દેશમાં બેરોજગારીની સમસ્યા લાંબા સમયથી એક મોટો મુદ્દો છે અને CMIEનો આ ડેટા સ્પષ્ટપણે આનો સંકેત આપી રહ્યો છે.

# ગીર સોમનાથના ખાદી ભંડારમાં ઓકટોબર માસમાં ખાદીની ખરીદી માટે ગ્રાહકો આકર્ષાયા




વેરાવળ તા. ૬

'ખાદી એ વસ્ત્ર નહીં, પરંતુ વિચારધારા છે' આર્થિક સ્વતંત્રતા, સ્વદેશી રોજગારી, રાષ્ટ્ર ઓળખ પણ છે. ગીર સોમનાથ જીલ્લાના વેરાવળમાં ખાદી ભંડાર ખાતે વર્ષ ૨૦૨૩ ઓકટોબર માસમાં ૬ લાખ, ૯૬ હજાર, ૭૦૦ રૂપિયાની ખાદીનું વેંચાણ થયેલ છે. જે વર્ષ ઓકટોબર -૨૦૨૨ માં ૭ લાખ ૨૯ હજાર ૪૫૮ રૂપિયાની ખાદી વેંચાઈ હતી. વેરાવળ ખાતે ૧૯૬૮ થી ખાદી ભંડાર કાર્યરત છે. ખાદી ભંડારના પ્રવિણભાઈ પટ્ટણી કહે છે કે, યંગ જનરેશનમાં પણ હવે ખાદી ખરીદીનું આકર્ષણ વધ્યું છે. તેઓ જણાવે છે કે, વર્ષ -૨૦૨૩ માં ૨૫ લાખ ૧૮ હજાર અને ૨૧૨ રૂપિયાની ખાદી વજેંચાઈ હતી. વર્ષ ૨૦૨૧-૨૨ માં ૧૯ લાખ, ૯૧ હજાર, ૪૭૨ રૂપિયાની ખાદી વેંચાઈ હતી. નવીનત્તમ રંગ વૈવિધ્ય, ફેશન અનુકુળ સમન્વયતા અને ઝબ્બા-કુર્તાનો વધેલો વ્યાપાક ક્રેઝ-નવીનતાથી ગ્રાહકોમાં ડીમાન્ડ ઉભી થયેલ છે.

# લોહાણા મહાજન દ્વારા પૂ.જલારામ બાપાની ૨૨૪મી જન્મજયંતિની ઉજવણી કરાશે



જૂનાગઢ તા. ૬

જૂનાગઢમાં શ્રી લોહાણા મહાજન દ્વારા પૂ. જલારામ બાપાની ૨૨૪ મી જન્મજયંતિની ભાવભેર ઉજવણી કરવામાં આવનરા છે. આ પ્રસંગે આગામી તા.૧૯-૧૧-૨૩ ને રવિવારના રોજ સવારે ૧૧ થી ૨.૩૦ વાગ્યા સુધી જૂનાગઢના સમસ્ત રઘુવંશી પરિવારો માટે સમુહ ભોજન(નાત)નું આયોજન કરવામાં આવેલ છે. તેમાં જૂનાગઢમાં વસ્તા સમસ્ત સારસ્વત બ્રાહ્મણ પરિવારો તથા સર્વજ્ઞાતિય જલારામ બાપાના ભકતો પણ જોડાશે. આ પ્રસંગે સમુહ ભોજનનો કાર્યક્રમ જૂનાગઢના માંગલ્ય પાર્ટી પ્લોટ ખાતે રાખવામાં આવેલ છે.

સૌપ્રથમ સવારે ૧૧ કલાકે માંગલ્ય પાર્ટીપ્લોટ ખાતે ઉભી થનાર પૂ.જલારામ બાપાની ઝુંપડી સન્મુખ ૨૨૪ દિવડા પ્રજવલ્લીત થશે. ત્યારબાદ પૂ.બાપાની આરતી થશે અને પૂ.જલારામ બાપા તથા પૂ.માતુશ્રિ વીરબાઈમાંનો જયઘોષ થશે. આરતી પુર્ણ થયા બાદ ઉપસ્થિત સારસ્વત બ્રાહ્મણ પરિવારોનું પૂજન થશે અને સૌપ્રથમ બ્રહ્મદેવોને ભોજન પ્રસાદ અપાશે. ત્યારબાદ રઘુવંશી પરિવારો તથા ભકતજનો પ્રસાદ લેશે. આ પ્રસંગે તે જ દિવસે માંગલ્ય પાર્ટીપ્લોટ ખાતે રકતદાન કેમ્પ પણ રાખવામાં આવેલ છે. જેમાં રઘુવંશી યુવક-યુવતીઓ હોંશે-હોંશે રકતદાન કરી માનવતાની જયોત પ્રજવલ્લીત કરશે. આ દિવસે લોહાણા મહાજન દ્વારા મંચ ઉપરથી રઘુવંશી ચિલ્ડ્રન સોસાયટીની સ્થાપના તથા રઘુવંશી યુવા બ્રિગેડની રચનાની પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂ દ્વારા જાહેરાત થશે. તથા સરકારમાંથી નિયમ મુજબ મળતા લાભોની જાણકારી બોર્ડ પર મુકવામાં આવશે. તેમજ વ્યસનમુક્તિ માટેના પ્રવચનો થશે. આ પ્રસંગે લોહાણા મહાજન તથા યુવક મંડળ અને વિવિધ રઘુવંશી સંસ્થાઓ સાથે જોડાયેલા દિવંગતોને યાદ કરીને તેમને ભાવાંજલી પણ અર્પિત કરવામાં આવશે.

આ ઉપરાંત હવેલી ગલી સ્થિત જલારામ મંદિર ખાતે અન્નકુટના જીવનપર્યંત મનોરથી રહેલા સ્વ.ચિમનલાલ મથુરાદાસ રૂપારેલીયા પરિવારના હસ્તે ગં.સ્વ.રેખાબેન ચિમનલાલ રૂપારેલીયા તથા કેતન (લાલો) ચિમનલાલ રૂપરેલીયા દ્વારા અન્નકુટ ધરાશે. જેના દર્શન આખો દિવસ કરી શકાશે. આમ પૂ.જલારામ બાપાની જન્મજયંતિ નિમિત્તે તમામ કાર્યક્રમોમાં જૂનાગઢના રઘુવંશી પરિવારો તથા જલારામ ભકતોને ઉપસ્થિત રહેવા એક યાદીમાં અનુરોધ કરવામાં આવેલ છે.

# કેરેટલેને તેના ૧૦૦માં શહેરમાં તેના ૨૫૦માં સ્ટોરની શરૂઆત સાથે એક અનોખી સિદ્ધિ હાંસલ કરી




ગાંધીનગર તા. ૬

ભારતની અગ્રણી ઓમ્નીચેનલ જ્વેલર કેરેટલેને તેના ૧૦૦માં શહેર ગુજરાતના ગાંધીનગરમાં તેના ૨૫૦માં સ્ટોરની શરૂઆત સાથે વધુ એક સિદ્ધિ મેળવી છે. નવો કેરેટલેન સ્ટોર ૨,૦૦૦ સ્કવેર ફૂટમાં ફેલાયેલો છે, જે તેની વિશાળ શ્રેણીની સુંદર જ્વેલરી ઓફરિંગ્સ સાથે ખરીદદારોને મોહિત કરશે.

આ લોન્ચ સાથે, બ્રાન્ડે ઉદયપુર, પ્રતાપ નગર, નાગપુર, કાલાપહાર, ગુવાહાટીમાં સ્ટોર્સ પણ શરૂ કર્યા છે અને રિટેલમાં ૩.૫૦ લાખ ચોરસ ફૂટેજમાં ફેલાયેલા સમગ્ર ભારતમાં ૧૦૦ શહેરોમાં અગ્રણી ઓમ્નીચેનલ જ્વેલરી બ્રાન્ડ્સ પૈકીની એક તરીકે તેનું સ્થાન મજબૂત કર્યું છે. સ્ટોર બાળકો અને પુરૂષો માટે જ્વેલરી સહિત ૧,૧૦૦થી વધુ ડિઝાઈનની પ્રભાવશાળી ઈન્વેન્ટરી ધરાવે છે. કેરેટલેન વિવિધ આઈપી દ્વારા તેના બાળકોની જ્વેલરી કેટેગરીને વિસ્તારવા પર સક્રિયપણે ધ્યાન કેન્દ્રિત કરે છે, જેમાં હેરી પોટર x કેરેટલેન સૌથી લોકપ્રિય છે. આ ઉપરાંત, બ્રાન્ડ ઈન્સ્ટન્ટ એન્ગ્રેવિંગ, ઈયર પિયર્સિંગ, મોટી રિંગ સાઈઝની તૈયાર ઈન્વેન્ટરી અને તેના તમામ ગ્રાહકોને પર્સનલાઈઝ્ડ ગિફ્ટિંગ સર્વિસીસ પ્રદાન કરે છે, જે એક આનંદદાયક ખરીદીનો અનુભવ બનાવે છે.

નવા સ્ટોર લોન્ચ વિષે કેરેટલેનના ચીફ ઓપરેટિંગ ઓફિસર અતુલ સિંહાએ જણાવ્યું હતું કે, "કેરેટલેન માટે સમગ્ર ભારતમાં ૧૦૦માં શહેરમાં અમારા ૨૫૦મા સ્ટોરના આ નોંધપાત્ર માઈલસ્ટોન સુધી પહોંચવું એ માત્ર ઉજવણી જ નથી, પરંતુ સૌના માટે સુંદર અને કિફાયતી જ્વેલરી બનાવવાની અમારી અતૂટ પ્રતિબદ્ધતાનો પુરાવો છે. દરેક નવા સ્ટોર સાથે, અમે વધુને વધુ ગ્રાહકોને તેમને ગમતી જ્વેલરી ડિઝાઈન શોધવા માટે અને ટ્રાય એટ હોમ અને ઈન સ્ટોર જેવી સુવિધાઓનો ઉપયોગ કરીને તેમની નજીકના સ્ટોરમાં ડિઝાઈન અજમાવવા માટે સક્ષમ બનાવી રહ્યા છીએ."

આ સ્ટોરનું લોન્ચિંગ કેરેટલેનની આક્રમક વિસ્તરણ યોજનાનો એક ભાગ છે, જેમાં સમગ્ર ભારતમાં દ્વિતીય અને તૃતીય કક્ષાના શહેરોમાં સ્ટોર્સ ખોલવાનો સમાવેશ થાય છે. કંપનીનું વિઝન તેના ઓમ્નીચેનલ અભિગમ દ્વારા દેશના દરેક ભાગમાં ગ્રાહકો માટે પ્રીમિયમ જ્વેલરી સુલભ બનાવવાનું છે.

# અમદાવાદના કેન્દ્રીય વિદ્યાલયોમાં આયોજીત રાષ્ટ્રીય રમત સ્પર્ધા-૨૦૨૩નું નિરીક્ષણ કરતા શ્રીમતિ ચંદના મંડલ



અમદાવાદ, તા.૬


અમદાવાદ શહેરમાં આવેલા વિવિધ કેન્દ્રીય વિદ્યાલયોમાં આયોજિત ૫૨ મી કેન્દ્રીય વિદ્યાલય સંગઠન રાષ્ટ્રીય રમતગમત સ્પર્ધા ૨૦૨૩ માં કેન્દ્રીય વિદ્યાલય સંગઠનના જોઈન્ટ કમિશનર (તાલીમ) શ્રીમતી ચંદના મંડલ એ તારીખ ૩ નવેમ્બર ૨૦૨૩ના રોજ ઓચિંતુ નિરીક્ષણ કર્યું.

શ્રીમતી મંડલે રાષ્ટ્રીય રમત સ્પર્ધાનું નિરીક્ષણ કરવા કેન્દ્રીય વિદ્યાલય ચાંદખેડાની મુલાકાત લીધી. ત્યાં જઈને રમત પ્રવૃત્તિઓનું નિરીક્ષણ કર્યું અને સાથે સાથે વિદ્યાર્થીઓને આયોજન સ્થળ ઉપર મળી રહેલી સુવિધાઓ વિશે ચર્ચા કરી અને વિદ્યાર્થીનીઓને પ્રોત્સાહિત કરી. અમદાવાદ ડિવિઝનના ડેપ્યુટી કમિશ્નર શ્રીમતી શ્રુતિ ભાર્ગવ એ તમામ અધિકારીઓ અને સ્પર્ધકો સાથે મુલાકાત કરી અને પ્રોત્સાહિત કર્યા.

આચાર્ય અશોકકુમાર રાઠીએ આયોજનને સફળ બનાવવા માટે બધાની સાથે સતત જોડાયેલા રહ્યા. કેન્દ્રીય વિદ્યાલય ઓ.એન.જી.સી. ચાંદખેડામાં તાઈક્વોન્ડો રમતનું આયોજન થઈ રહ્યું છે જેમાં કાલે રમાયેલ મેચમાં ૨૨-૨૪ કિલોગ્રામ અન્ડર ૧૪ માં આગ્રા, ૨૪-૨૬ કિલોગ્રામ અન્ડર ૧૪ માં લખનઉ, ૨૬-૨૯ કિલોગ્રામ અંડર ૧૪ માં દહેરાદૂન એ વિજય પ્રાપ્ત કર્યો. ૪૨-૪૪ કિલોગ્રામ અન્ડર ૧૯ માં આગ્રા, ૪૪-૪૬ કિલોગ્રામ અન્ડર ૧૯ માં ગુવાહાટી, ૪૬-૪૯ કિલોગ્રામ અન્ડર ૧૯માં ગુવાહાટીએ વિજય પ્રાપ્ત કર્યો હતો.

# ટીવી, વોશિંગ મશીન, લેપટોપ અને સ્માર્ટફોન્સ ઉપર અદ્‌ભુત ડીલ્સ સાથે ક્રોમાનો 'ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સ' દિવાળીને ઝગમગાવે છે

## ૧૫% સુધીનું કેશબેક, રૂ. ૨૦,૦૦૦ સુધી એક્સચેન્જ લાભો અને ૨૪ મહિના સુધી સરળ ઈએમઆઈ




અમદાવાદ, તા.૬

આ દિવાળીએ તમારા સપનાં પૂરા કરો કારણ કે તાતા એન્ટરપ્રાઈઝની ક્રોમા તમામ સ્ટોર્સ અને ક્રોમા વેબસાઈટ Croma.com ઉપર તેના વાર્ષિક 'ફેસ્ટિવલ ઓફ ડ્રીમ્સ' કેમ્પેઈન સાથે અનેક ડ્રીમ ડીલ્સ અને બહુપ્રતિક્ષિત ઓફર્સ સાથે પાછી ફરી છે અને સ્માર્ટ ટીવીથી લઈને લેપટોપ, વોશિંગ મશીન, એસી, રેફ્રિજરેટર્સ, સ્માર્ટફોન અને બીજી ઘણી બધી શ્રેણીઓમાં ૧૫મી નવેમ્બર ૨૦૨૩ સુધી ચાલુ છે. ગ્રાહક-કેન્દ્રિત રહેવાની તેની પ્રતિબદ્ધતાને આગળ વધારતા ક્રોમા સ્ટોર્સ અને વેબસાઈટ ઝિદ્દિ.ર્કદ્બ અનેૃ ટ્ઠંક્રી પર આકર્ષક ડિસ્કાઉન્ટ અને ઓફર્સની શ્રેણી સાથે ક્રોમા તમારા સપનાંને વાસ્તવિકતામાં બદલવા માટે તૈયાર છે. તમામ ઓફર્સ શરતો અને નિયમોને આધીન છે.

૫૫'', ૬૫'' અને ૭૫'' 4K એલઈડી ટીવીની મનમોહક શ્રેણી સાથે તમારા ઘરના મનોરંજનમાં વધારો કરો, જે હવે માત્ર રૂ. ૨૯૯૦ પ્રતિ મહિને શરૂ થતા અનુકૂળ ઈએમઆઈ વિકલ્પો સાથે ઉપલબ્ધ છે. જેઓ સેમસંગ ટીવી પસંદ કરે છે, તેમના માટે એક ખાસ ટ્રીટ છે - ભવ્ય ૫૫'' સેમસંગ લાઈફસ્ટાઈલ ફ્રેમ ટીવી એ જ માસિક રકમમાં તમારું બની શકે છે, જે રૂ. ૮૯૯૦ની કિંમતના ફ્રી બેઝલ સાથે પૂર્ણ કરો.

એમએસ ઓફિસ દર્શાવતા ઈન્ટેલ કોર i3 લેપટોપ્સની દુનિયામાં પ્રવેશ કરો, જે ફક્ત રૂ. ૩૦,૯૦૦થી શરૂ થાય છે. એટલું જ નહીં, તેમની ટેક ગેમ અપગ્રેડ કરવા માંગતા લોકો માટે, ક્રોમા અદ્ભુત ઈએમઆઈ ડીલ્સ પ્રદાન કરે છે. જ્યારે તમે લેપટોપ ખરીદો છો, ત્યારે તમે ૨૪ મહિના સુધી ઈએમઆઈનો આનંદ માણી શકો છો, જે કનેક્ટેડ રહેવાનું અને ટેક્નોલોજીની દુનિયામાં આગળ રહેવાનું પહેલા કરતાં વધુ સરળ બનાવે છે.

જો તમે આ દિવાળીમાં તમારા રસોડાને અપગ્રેડ કરવાનું આયોજન કરી રહ્યાં છો, તો ક્રોમા પાસે તમારા માટે કેટલીક આકર્ષક ઑફરો છે. તમે ૨૫૬ લિટર ફ્રોસ્ટ-ફ્રી ઈન્વર્ટર રેફ્રિજરેટરથી શરૂઆત કરી શકો છો, જેની કિંમત બજેટ-ફ્રેંડલી રૂ. ૨૨,૯૯૦ ઉપર રાખવામાં આવી છે. વધુ વિકલ્પોની શોધ કરનારાઓ માટે, કન્વર્ટિબલ ૨૫૬ લિટર રેફ્રિજરેટર છે, જે માત્ર રૂ. ૨૮,૯૯૦ની અવિશ્વસનીય કિંમતે ઉપલબ્ધ છે. જો તમારી પાસે રેફ્રિજરેશનની મોટી જરૂરિયાતો હોય, તો ક્રોમા તમને ૪૦૦ લિટર બોટમ માઉન્ટ કન્વર્ટિબલ રેફ્રિજરેટરનો વિકલ્પ આપે છે જેની શરૂઆત માત્ર રૂ.૧,૯૯૪ના અનુકૂળ ઈએમઆઈથી થાય છે.

# ગિરિમાલસિંહ સુરૂભા ચાવડાનું પુસ્તક "પ્રેરણા પંથે" નું લોકાર્પણ થયું




(પ્રતિનિધિ દ્વારા)

માણાવદર, તા.૬

સૌરાષ્ટ્ર કચ્છ રાજપુત એસોસિએશન વડોદરા દ્વારા ગિરિમાલસિંહ સુરૂભા ચાવડા કોયલાણા ઘેડ (લેખક ફિલ્મ અને નિર્માતા) નું પુસ્તક "પ્રેરણા પંથે" નું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે માનનીય શ્રી અનુપમસિંહજી ગહલૌત (આઈપીએસ) હાજરી આપી હતી અને અતિથિ વિશેષ ડોક્ટર પ્રફુલ્લબા જાડેજા (પ્રોફેસર જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન -જામનગર) તથા શ્રી કે બી જાડેજા , પરાક્રમસિંહ જાડેજા, રાજેન્દ્રસિંહ ચુડાસમા, એમ એચ જાડેજા, કાળુભા પરમાર, મહિપાલસિંહ ગોહિલ અને શ્રીમતી કુંદન જાડેજા તથા શ્રીમતી દશરથ પરમાર હાજર રહ્યા હતા.

# જૂનાગઢ જીલ્લામાં લોકોને સ્વચ્છતા આગ્રહી બનાવવા માટે શેરી નાટકો દ્વારા પ્રેરિત કરાયા



જૂનાગઢ, તા.૬

સ્વચ્છતા હી સેવા અભિયાન હેઠળ જૂનાગઢ જિલ્લામાં પ્રવાસન, ધાર્મિક સહિતના જાહેર સ્થળોએ સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી છે. આ સાથે લોકોમાં સ્વચ્છતા જાળવવા માટે વ્યાપક જનજાગૃતિ ઊભી થાય તે માટે શેરી નાટકો પણ યોજવામાં આવી રહ્યા છે. જિલ્લાભરમાં ગામડે-ગામડે શેરી નાટકો તબક્કાવાર યોજાઈ રહ્યા છે. આ માટે જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી-જૂનાગઢ દ્વારા જરૂરી સંકલન કરવામાં આવી રહ્યું છે આમ, શેરી નાટકોના માધ્યમથી લોકોને કાયમી સ્વચ્છતા જાળવવા માટે પ્રેરિત કરવામાં આવી રહ્યા છે.

સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણ હેઠળ વ્યાપક જનજાગૃતિ માટે આ સ્વચ્છતાલક્ષી સંદેશ આપવામાં આવી રહ્યો છે.

# જૂનાગઢ જીલ્લા રોજગાર કચેરી દ્વારા આવતીકાલ તા.૭ નવેમ્બરના ભરતી મેળો યોજાશે

જૂનાગઢ તા.૬

જુનાગઢ જિલ્લાનાં ઉત્સાહી અને ઉર્જાવાન રોજગાર ઈચ્છુકોને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ફાઈનાન્સ અને ઈન્સ્યુરન્સ ક્ષેત્રના અગ્રગણ્ય એકમ રિલાયન્સ નિપ્પોન લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લીમિટેડ, ભારતીય જીવન વિમા નિગમ, એસ.એમ.એફ.જી. ઈન્ડિયા ક્રેડિટ કંપની લીમિટેડ તથા બજાજ આલીયાન્સ લાઈફ ઈન્સ્યુરન્સ કંપની લીમિટેડ ખાતે ભરતી હેતુ ખાલી પડેલ લાઈફ પ્લાનિંગ ઓફિસર, ફાઈનાન્સીયલ એડવાઈઝર, ગ્રુપ ક્રેડિટ ઓફિસર તથા રિટેઈલ પાર્ટનર/લાઈફ એડવાઈઝરની જગ્યાઓ માટે ૧૮ થી ૬૦ વર્ષની વયમર્યાદા તેમજ ખાલી જગ્યાને અનુરૂપ એસ.એસ.સી. થી સ્નાતકની શૈક્ષણિક લાયકાત ધરાવનાર રોજગાર ઈચ્છુકો માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી 'બી' વિંગ પ્રથમ માળ, બહુમાળી ભવન સરદાર બાગ, જુનાગઢ ખાતે આવતીકાલ તા.૭/૧૧/ ૨૦૨૩ના રોજ સવારે ૧૦:૩૦ કલાકે કરવામાં આવેલ છે. પ્રસ્તુત ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ ઉપર ઉપસ્થિત થવાનું રહેશે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ પર જોબસીકર માટેની રજીસ્ટ્રેશન લીંક https:// anubandham. gujarat. gov.in/account/signup ઉપરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબફેર મેનુમાં કલીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમ્યાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના ટેલીફોન નંબર ૦૨૮૫-૨૬૨૦૧૩૯ મારફત સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

# માંગરોળ : રસ્તાના અધુરા કામને લઈ લોકોને પડતી હાલાકી




(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૬

માંગરોળ બંદર વિસ્તારમાં રસ્તાના અધુરા કામને લીધે છેલ્લા એક વર્ષથી પડી રહેલી હાલાકીથી લોકો ત્રાહિમામ પોકારી ઉઠયા છે. કોન્ટ્રાકટરની બેદરકારીથી રસ્તો અકસ્માતોનું સંભવિત કેન્દ્ર બની ગયો હોય, ગાયબ થઈ ગયેલા કોન્ટ્રાકટરને શોધી યોગ્ય કાર્યવાહી કરવા અને લોકોને પડી રહેલી પારાવાર હાલાકીથી મુકિત અપાવવા ખારવા સમાજ તેમજ બંદર વિસ્તારના સંગઠનો, સમિતિએ જીલ્લા કલેકટર સમક્ષ માંગણી કરી છે. માંગરોળ બંદર સોસાયટી વિસ્તાર, બઈ વિસ્તાર અને મકતુપુરના રોડનું કામ લાંબા સમયથી મંથર ગતિએ ચાલી રહ્યું છે. આશરે ચારેક કિ.મિ. રસ્તાના અણઘડ ખોદકામથી લોકો લાંબા સમયથી ત્રાસદી વેઠી રહ્યા છે. જાનહાનિના જોખમ વચ્ચે લોકોને પોતાના ઘર સુધી પહોંચવું પણ મુશ્કેલ બન્યું છે. અધુરા કામ અને ખોદકામથી ન.પા.ની પાણીની પાઈપ લાઈનો તુટી ગઈ છે. પરિણામે અનેક ઘરોને પાણીથી વંચિત રહેવું પડે છે. લોકોને પૈસા ખર્ચીને વેચાતું પાણી લેવાની નોબત આવી છે. પાણીના ટેન્કરોને પણ જે તે ઘર સુધી પહોંચવા સાત કોઠા ભેદવા પડે તેવી સ્થિતિ છે. બિમાર વ્યક્તિને એમ્બ્યુલન્સ કે તબીબી સારવાર પૂરી પાડવામાં પણ અનેક મુશ્કેલીઓ પડે છે. રસ્તાની બિસ્માર હાલતથી અનેક લોકો પટકાયા છે. ઘણાં બાળકોના અકસ્માત થયા છે. ભાંગતુટ થઈ છે. અનેક બાળકો મોટા વહાનોની અડફેટે આવતા માંડમાંડ બચ્યા છે. ટુવ્હિલર ચાલકોની જાનની સલામતી સામે પ્રશ્નાર્થ સર્જાયો છે. આટલી મુશ્કેલીઓ ઓછી હોય તેમ બીજી તરફ રસ્તાના વળાંકમાં ખાડો ખોદી નંખાયો છે. આ ખાડો ખોદી એજન્સી જાણે ગાયબ થઈ ગઈ હોવાનું જણાવ્યું છે. ત્યારે રસ્તાનું નિરિક્ષણ કરી લોકોની સમસ્યાનું તાકીદે નિવારણ લાવવા માંગ કરી છે.

# જૂનાગઢમાં રૂા.૨૦ હજારની લુંટની ચાર સામે નોંધાઈ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૬

જૂનાગઢમાં રૂા.૨૦ હજારની લુંટ અંગે ચાર સામે પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે એ ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર જૂનાગઢમાં જુની સિવીલ હોસ્પિટલના ગેઈટની સામે માહી દુધની દુકાનની પાસે બનેલા બનાવ અંગે મુદશીર ફારૂકભાઈ તાલબ(ઉ.વ.૨૩) રહે. હર્ષદનગર વાળાએ અયાન ઉર્ફે પાચીયો, સાહિલ ઉર્ફે મીની, સોહિલો, સમીજ ઉર્ફે ભાવનગરી સામે નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના પાસે આ કામના ફરીયાદી આરોપીઓ અગાઉ ત્રણવાર રૂપિયા પાંચ પાંચ હજાર ધમકાવી બીવરાવી લઈ ગયેલ હોય અને ગઈકાલે પૈસાની માંગણી કરતા ફરિયાદીએ ના પાડતા સાહેદ તથા ફરિયાદીને જેમફાવે તેમ ગાળો આપી લોખંડના પાઈપ વતી માર મારી તથા ફરિયાદીના ખીસ્સામાં રહેલા રૂા.૨૦,૦૦૦ લુંટ કરી એકબીજાએ મદદગારી કરી જીલ્લા મેજી. જૂનાગઢના હથિયારબંધી જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે આરોપી વિરૂધ્ધ કલમ ૩૯૪, ૩૮૪, ૩૨૪, ૨૯૪(ખ), ૧૪૪, જીપી એકટ કલમ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. એ ડીવીઝન પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# જૂનાગઢમાં ક્રિકેટની રમત ઉપર જુગાર રમાડતા એકની ધરપકડ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)
જૂનાગઢ તા.૬

જૂનાગઢમાં દોલતપરા માર્કેટીંગ યાર્ડ રોડ ડિલકસ પાન પાસે બનેલા એક બનાવમાં એ ડીવીઝન પોલીસ સ્ટેશનના પોલીસ કોન્સ્ટેલ લખમણભાઈ ભાયાભાઈએ સુરેશ ઉર્ફે જયદિપ જયસુખભાઈ ફલીયા(ઉ.વ.૨૬) મહેશવરી સોસાયટી, દોલતપરા વાળા વિરૂધ્ધ જાતે ફરીયાદી બની અને એવી ફરિયાદ નોંધાવી છે કે, આ કામના આરોપીએ પોતાના મો. ફોનમાં ગુગલ ક્રોમમાં બીટ૨૪૭.કોમ નામની તથા પરીમેચ.બોટ.ઈન નામની આઈડીનો ઉપયોગ કરી યુઝર નેમ પાસવર્ડ મેળવી ક્રિકેટ તથા કસીનોની અલગ-અલગ ગેમ ઉપર સોદા કરી નાણાંકીય હારજીત કરી ઓનલાઈન મો. ફોન મારફતે જુગાર રમી મો. ફોન કિ.રૂા.૫૦૦૦ તથા રોકડ રૂપીયા ૧૬૦૦ મળી કુલ રૂા.૬૬૦૦ના મુદામાલ સાથે પકડાઈ જઈ ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે જુગાર ધારા કલમ ૧૨ મુજબ ગુનો દાખલ કરેલ છે. એ ડીવીઝન પોલીસ વધુ તપાસ ચલાવી રહી છે.

# માંગરોળ : સફાઈ કામદારોના ઉપવાસ આંદોલનનું સુખદ સમાધાન

(નિલેશ રાજપરા દ્વારા)
માંગરોળ તા.૬

માંગરોળ નગરપાલિકા સામે ૩ દિવસથી ચાલતા સફાઈ કામદારો ઉપવાસ આંદોલન નો માંગરોળ ધારાસસભ્ય ભગવાનજીભાઈ કરગઠીયા અને ભાજપના રાષ્ટ્રીય બક્ષીપંચ મોરચાના ઉપાધયક્ષ વેલજીભાઈ મસાણી ની સતત મહેનત થી સફાઈ કામદાર ના પગાર પ્રશ્ને ચાલતા આંદોલનનો અંત તા, ૩-૧૧-૨૦૨૩ નાં રોજ ઉપવાસી છાવણીનાં આગેવાનો કેશોદ મુકામે પ્રાંત અધિકારી શ્રી ગરચર સાહેબ અને ચીફ ઓફિસર શ્રી વાઘેલા સાહેબ ને રૂબરૂ મળી માંગણી કરેલ કે સફાઈ કામદાર ને ફિક્સ, રોજમદાર કે ૧૧ માંસ ના કરારના કરાર નાં ધોરણે લેવામાં આવે, ચાર પગાર ચૂકવવા માં આવે લઘુતમ વેતન રૂ ૧૪૨૨૪-૦૦ ચૂકવવા માં આવે ૨૫ % પી એફ જમાં કરવામાં આવે, ૮-૩૩% બોનસ ચૂકવવા માં આવે ૧૫ દિવસ કામ નથી કર્યું તે રોજ કાપવામાં નાં આવે જેના જવાબ માં ચીફ ઓફિસરે જણાવેલ કે રૂ ૧૨૦૦૦-૦૦ પગાર ચૂકવવા માં આવશે, બે પગાર તા. ૪-૧૧-૨૦૨૩ ૪:૦૦ વાગ્યા સુધીમાં જમા કરી દેવામાં આવશે અને ત્રીજો પગાર સોમવારે જમા કરી દેવામાં આવશે ત્યારબાદ ચોથો પગાર અઠવાડિયા કરી દેવામાં આવશે અને સફાઈ કામદારોને દર મહિને પગાર સ્લીપ આપવાની પણ રજૂઆત કરાઈ છે અને કહેલ કે અત્યારે કામે ચડી જાઓ કોન્ટ્રાક્ટ અપાઈ ગયેલ છે પછી ૧૧ માસના કરારના ધોરણે લેવા માટે પોઝિટિવ વિચારવામાં આવશે અને બંને અધિકારીએ ૧૫ દિવસના પગાર નહીં કાપવાની સંમતિ આપેલ જેના બદલામાં ઓવર ટાઈમ કરાવવામાં આવશે જે અંગે સંમતિ અને સમજૂતી થતા તારીખ ૪/૧૧/૨૦૨૩ થી સફાઈ કામદારોએ કામે ચડી જવા સંમતિ આપી અને સુખદ સમાધાન થયેલ છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લો ભાજપની સંગઠનાત્મક પ્રવૃત્તિમાં સમગ્ર રાજયમાં દ્વિતીય ક્રમે

(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૬

ગુજરાત ભાજપમાં પ્રદેશ કક્ષાએ ચાલી રહેલ સંગઠનાત્મક કાર્યોમાં દેવભૂમિ દ્વારકા જિલ્લો અવ્વલ રહે છે. તાજેતરમાં પ્રદેશ ભાજપ દ્વારા બુથ સશક્તિકરણ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જેમાં દેવભૂમિ દ્વારકા જિલ્લાના આ અભિયાનના સંયોજક રસિકભાઈ નકુમ સહસંયોજક રાજુભાઈ સરસિયાને મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી હતી.

સમગ્ર દેવભૂમિ દ્વારકા જિલ્લામાં આ અભિયાન જિલ્લા અધ્યક્ષ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન હેઠળ જિલ્લાના નિષ્ઠાવાન કાર્યકરો દ્વારા સંપન્ન કરવામાં આવ્યું હતું. આયોજનબદ્ધ રીતે આ કાર્ય જિલ્લામાં ગ્રાઉન્ડ લેવલ સુધી ખૂબ જ સફળતાપૂર્વક પૂર્ણ કરાયું હતું. આ કામગીરીમાં સમગ્ર રાજ્યમાં દેવભૂમિ દ્વારકા જિલ્લો દ્વિતીય ક્રમે રહ્યો હતો.



ભાજપના સંગઠનાત્મક કાર્યમાં જિલ્લાએ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરતા જિલ્લાના સૌ કાર્યકરો અને દ્વારકા જિલ્લા પ્રમુખ મયુરભાઈ ગઢવીના માર્ગદર્શન અને મહામંત્રીઓની ગ્રાઉન્ડ લેવલની જહેમત સાથે થયેલા આ સફળ કાર્યને ધ્યાને લેતા પ્રદેશ સંગઠન મહામંત્રી રત્નાકરજી દ્વારા સંયોજક રસિકભાઈ અને સહસંયોજક રાજુભાઈ સરસિયાને ગાંધીનગર ખાતે આવનારા સમયમાં આ અભિયાનના ત્રીજા ચરણનું કાર્ય સફળતાપૂર્વક પ્રદેશમાં થઈ શકે તે વિષય પર હકારાત્મક ચર્ચાઓ કરવામાં આવી હતી.

આ અભિયાનનો સંપૂર્ણ શ્રેય દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ દ્વારા ખૂબ જ નિષ્ઠાપૂર્વક આ કામગીરી કરનારા સર્વે કાર્યકરોને આપવામાં આવ્યો છે. જિલ્લાના તમામ કાર્યકરોની જહેમતના પરિણામ સ્વરૂપે દેવભૂમિ દ્વારકા જિલ્લા ભાજપ સંગઠન પ્રદેશ કક્ષાએ તેમની નામના વધારી શકી છે. તેવો પ્રતિભાવ વ્યક્ત કરવામાં આવ્યો છે.

# ટપકેશ્વર મહાદેવ આશ્રમ ખાતે બારપહોર પાટોત્સવનો ભવ્ય કાર્યક્રમ

(પ્રતિનિધિ દ્વારા)
જૂનાગઢ તા.૬

જામનગર જીલ્લાના જામજોધપુર તાલુકામાં આવેલા આરસ ડુંગર પાટણ નજીક અંધરીયાનો નેસ ખાતે ટપકેશ્વર મહાદેવ આશ્રમ આવેલો છે. જયાં રામદેવપીર મહારાજના બારપહોર પાટોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવેલ છે. તા.૩૧-૧૦-૨૦૨૩ના મંગળવારે કુંભ સ્થાપન કરવામાં આવેલ હતું અને આવતીકાલ તા.૭-૧૧-૨૦૨૩ના જયોત પ્રાગટયનું આયોજન છે. ગુરૂ મહારાજ શ્રી કમલગીરી બાપુના આર્શીવાદ સાથે મહંત શ્રી નંદગીરી બાપુ દ્વારા આ કાર્યક્રમનું આયોજન થયું છે. તા.૭-૧૧-૨૦૨૩થી તા.૮-૧૧-૨૦૨૩




દરમ્યાન પ્રસાદીનું પણ આયોજન છે અને તા.૮-૧૧-૨૦૨૩ રાત્રે ૮ કલાકથી સંતવાણીના કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે અને ભાવિકોને આ કાર્યક્રમનો લાભ લેવા અનુરોધ કરવામાં આવેલ છે.

# દ્વારકા સર્કિટ હાઉસ ખાતે રાજ્ય પોલીસ વડા વિકાસ સહાયે રાજકોટ રેન્જ હેઠળ આવતા દરિયાઈ સુરક્ષા વિસ્તાર અંગે મહત્વની મીટીંગ યોજી




(રાકેશ સામાણી દ્વારા)
દ્વારકા તા.૬

દરિયાઈ સુરક્ષા કાજે રાજ્ય નાં પોલીસ વડા વિકાસ સહાયે દ્વારકા નાં સર્કિટ હાઉસ ખાતે મહત્વ ની મીટીંગ યોજી જેમાં રાજકોટ રેન્જ પોલીસ વડા,દ્વારકા જિલ્લા પોલીસ વડા તેમજ રાજકોટ રેન્જ હેઠળ આવતા દરિયાઈ વિસ્તાર નાં પોલીસ સ્ટે,મરીન પોલીસ સ્ટે,નાં psi તેમજ pi સહિત નાં અધિકારી સાથે મીટીંગ યોજી હતી મીટીંગ મા દરિયાઈ સુરક્ષા ને લગતી બાબતો, તેમજ પ્રાથમિક અને અન્ય જરૂરિયાત વાળા પ્રશ્નો સહિત તમામ.મુદ્દાઓ ને લઈ ચર્ચાઓ કરવામાં આવી તે પહેલાં વિકાસ સહાય બેટ દ્વારકા નાં દરિયાઈ વિસ્તાર ની પણ મુલાકાત લીધી હતી સતત બે કલાક સુધી ચાલેલી મીટીંગ નાં અંતે પત્રકારો સાથે મીટીંગ યોજી માહિતીઓ આપી હતી.

# ઉનામાં સનાતન ધર્મ યાત્રાનું સ્વાગત કરાયું



(નવીન જોષી દ્વારા)
ઉના તા.૬

ઉના શહેરમાં સનાતન ધર્મ યાત્રાનું આગમન થતા વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનો નીપૂલભાઈ શાહ, રામજીભાઈ પરમાર, બજરંગ દળના આગેવાનો યશવંતભાઈ બાંભણિયા, ભાવેશભાઈ શાખટ, ચંદ્રેશભાઈ જોશી દ્વારા સંતોને ફુલહારપહેરાવી, પુષ્પવર્ષા કરી અને ફટાકડા ફોડી સ્વાગત કરવામાં આવ્યું હતું. યાત્રામાં આવેલ દિવ્ય સંત શિરોમણી શ્રી શ્રી ૧૦૦૮ મહા મન્ડલેશ્વર શ્રી કૃષ્ણનંદ પુરી સ્વામી સાથે દિવ્ય સંતોની મોટી સંખ્યામાં પધારેલ હોય. ત્રિકોણ બાગ થી ટાવર ચોક સુધી પૂજ્ય બાપુ અને સંતો પગપાળા ચાલેલ હતાઅને સ્વાગત શોભાયાત્રા માં મોટી સંખ્યામાં સનાતની ભાઈઓ હાજર રહ્યા હતા.

# કોડીનાર : લોકોને પાણી મળવાનો મુદ્દો યથાવત, આત્મવિલોપનનો નાટકીય અંત

(અલ્તાફ મુગલ દ્વારા)
કોડીનાર તા.૬

કોડીનાર નજીક આવેલા ગોહિલ ની ખાણ ઓ.જી.વિસ્તારના આશરે ૧૦૦૦ પરિવારને છેલ્લા ૨૧ દિવસથી પીવાનું પાણી નહીં મળવાના પ્રશ્ને ગોહિલ ની ખાણ ગામના માજી સરપંચ ભીખાભાઈ ગોહિલે પાણી આપવાના પ્રશ્ને આજે તા.૫ ના આત્મવિલોપનની ચીમકી ઉચ્ચારી હતી. તેની સામે ગોહિલ ની ખાણ ગ્રામ પંચાયતના છ બહુમતી સભ્યોએ ભીખાભાઈ ગોહિલના સરપંચ વખતના વહીવટી શાસનના ભ્રષ્ટાચારની તપાસ કરવા તેમજ ઓજી વિસ્તારના લોકોને પીવાનું પાણી પૂરું પાડતી પાઈપલાઈન ડેમેજ કરીને માજી સરપંચ અન્ય કોન્ટ્રાક્ટરોને વહેંચી નાખતા હોવાના પંચાયત સભ્યોએ ગંભીર આક્ષેપ કર્યા છે ભીખાભાઈ દ્વારા કરવામાં આવતી પાણીની ચોરી તેમજ તેમના વહીવટી શાસનમાં બાંધકામ મંજૂરીમાં કરવામાં લેવામાં આવેલા કરોડોની લાંચ તેમજ પોતાની વાડી સુધીના સી.સી.રોડ અને સ્ટ્રીટ લાઈટ જે પ્રજાને પુરા પાડવાને બદલે અંગત લીધા હોવાના આક્ષેપો સાથે મનુભાઈ માલાભાઈ ગોહિલ, અરશીભાઈ અરજણભાઈ ગોહિલ, ભાવનાબેન મનુભાઈ પરમાર, રોહિતભાઈ રઘુભાઈ ગોહિલ. માનસિંગભાઈ ભીમાભાઈ દાહીમાં તથા વરસીંગભાઈ બાલુભાઈ ગોહિલે સંયુક્ત રીતે રજૂઆત કરીને માજી સરપંચ સામે પોલીસ તપાસ કરવા અન્યથા આજે આ ૬ સભ્યો કોડીનાર મામલતદાર કચેરી ખાતે આત્મવિલોપન કરશે તેવું પત્રમાં જણાવ્યું હતું જેને પગલે તંત્ર સતર્ક થઈ ગઈ કાલે રાત્રે ભીખાભાઈ ગોહિલ ની કોડીનાર પોલીસે અટક કરી હતી જ્યારે આજે મનુભાઈ માલાભાઈ ગોહિલ, અરશીભાઈ અરજણભાઈ ગોહિલ, ભાવનાબેન મનુભાઈ પરમાર, રોહિતભાઈ રઘુભાઈ ગોહિલ. માનસિંગભાઈ ભીમાભાઈ દાહીમાં તથા વરસીંગભાઈ બાલુભાઈ ગોહિલ ને પણ પોલીસે સવાર થી નજર કેદ કરી તમામ ને એજ્યુકેટીવ મેજિસ્ટ્રેટ કોડીનાર સમક્ષ રજૂ કરી જામીન પર મુક્ત કરાયા હતા. આમ આ આત્મવિલોપન ચીમકીનો નાટકીય અંત આવ્યો પરંતુ હજુ સુધી ઓ .જી વિસ્તારના લોકોને પાણી મળતું નથી જે બાબતે વહીવટી તંત્ર તુરત જ ઘટતું કરે તેવી લોકોની માંગણી છે.

# દ્વારકા જિલ્લા કલેકટર અશોક શર્માના પુસ્તકનું વિમોચન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કર્યું



(કુંજન રાડીયા દ્વારા)
જામ ખંભાળિયા, તા.૬

દેવભૂમિ દ્વારકા જિલ્લાના જિલ્લા કલેકટર અશોક શર્માના પુસ્તકનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર ખાતે વિમોચન કરી, વહીવટી નોકરીની સાથે સાથે લેખન દ્વારા ગીતા જ્ઞાનનો પ્રસાદ વાંચકોને પીરસતા રહો તેવી શુભેચ્છા પાઠવી હતી.

આ અગાઉ અશોક શર્મા પોરબંદરના કલેક્ટર હતા ત્યારે પણ મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અશોક શર્મા દ્વારા લેખિત પુસ્તક "મોહન સે મોહન"નું વિમોચન કર્યું હતું.

કલેકટર અને જાણીતા આધ્યાત્મિક લેખક અશોક શર્મા વિવિધ અખબારોમાં ગીતા પર કોલમ લખતા. જેમને વાચકો તરફથી સારો પ્રતિસાદ મળતો હતો. ત્યારે અશોક શર્માએ ગીતા પરના લખેલા છ પુસ્તકો જીવનગીતા, અધ્યાત્મગીતા, મેનેજમેન્ટગીતા, રાષ્ટ્રગીતા, વિશ્વગીતા અને માનવગીતાનું સંકલિત સંપાદન કર્યું છે.

"ગીતાનો જીવનધ્વનિ" પુસ્તકનું મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ દ્વારા ગાંધીનગર ખાતે વિમોચન કરવામાં આવ્યું હતું.

# દ્વારકામાં ટ્રકે રિવર્સ લેતા વિકલાંગ મહિલાનું ચગદાઈ જવાથી મોત



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા તા.૬

દ્વારકાના ભથાણ ચોકમાં એક ટ્રક રિવર્સમાં આવી રહ્યો હતો એ વખતે પાછળ રહેલી એક રીક્ષાને હડફેટે લેતા એમાં બેઠેલી વિકલાંગ મહિલા દેવીબેન મોહનભાઈ હાથીયાને ગંભીર ઈજાઓ થતાં હતી. જેમને વધુ સારવાર માટે ખંભાળિયા મોકલ્યા હતા અને તેનું મોત નિપજ્યું હતું.

# ઉના તાલુકાના ગરાળ ગામે આવેલ ગંગનાથ મહાદેવ મંદિરમાંથી રૂા.૨.૪૫ લાખની ચોરી



(નવીન જોષી દ્વારા)
ઉના તા.૬

ઊના તાલુકાના ગરાળ ગામે આવેલ ગંગ નાથ મહાદેવ ના મંદિર ના પૂજારી મહેશ વન ગુરૂ નિરંજન એ પોલીસ સ્ટેશન માં એવા પ્રકાર ની ફરિયાદ નોંધાવી છે કે તેમને ત્યા છેલ્લા બે વરસ થી તેમની સાથે મંદિર મા સેવા પુજા ના કામ માં મદદ કરતો પર પ્રાંતિય હરિયાણા રાજ્ય ના પાણીપત જિલ્લા ના દલબીર નગર કુટાણી રોડ કસર ઉદ્યોગ નગર વિસ્તારમાં રહેતો પ્રવીણ કુમાર તિલક રાજ ઉર્ફે પરમેશ્વર વન મહેશ વન પૂજારી નો વિશ્વાસ જીતી લીધો હતો. અને ગત તા. ૨/૧૧/ના પૂજારી મહેશ વન ને દવાખાના ના કામે રાજકોટ ગયાહતા અને મંદિર ની કામગીરી પ્રવીણ કુમાર ને સોંપી હતી સાંજે પરત પાછા મંદિરે આવતા પ્રવીણ કુમાર જોવા મળેલ નહિ અને પુજારીએ પોતાના ઓરડામાં તપાસ કરતા સૂટકેસ માં રાખેલ રૂપિયા ૧લાખ ૮૫હજાર રોકડા અને ગાદલા નીચે રાખેલ રૂપિયા ૯૫ હજાર રોકડા તેમજ ચાદીની માળા એક રૂપિયા ૧૦ હજારની અને કપડાઓ મળી કુલ રૂપિયા ૨લાખ ૮૫હજાર ની કિંમત નો મુદામાલ ચોરી કરી નાસી ગયો ની ફરિયાદ નોંધાવી હતી. ઊના પોલીસે આરોપી ને પકડવા તજવીજ હાથ ધરી છે. કોઈ ને આ ફોટા વાળા યુવાન ની માહિતી મળે તો પોલીસ સ્ટેશન ઊના જાણ કરવા યાદીમાં જણાવાયું છે.

